Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

## शार्दूलविक्रिडितम्.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

જેને જીવદયા વસી મનવિષે, લક્ષ્મીતણો ગર્વ નહીં,
ઉપકારે નહીં થાક, યાચકગણે આલ્હાદ માને સહી;
શાંત ચિત્તતણી, જુવાની મદના રોગે હણાયે નહીં,
એવા સુંદર શ્રેષ્ઠ મુક્ત ગુણથી, શોધ્યે જવલ્લે મહી. ૧

પુસ્તક ૨૯ મું. કાર્તિક. સંવત ૧૯૭૦. શાકે ૧૮૩૫. અંક ૮ મો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.


૧ શ્રી હિતશિક્ષા. ... ... ... ૨૨૭
૨ પ્રશમરતિ પ્રકરણમ્. ... ... ૨૨૯
૩ સંઘરાજના રાસ ઉપરથી નીકળતો સાર... ... ... ... ૨૪૧
૪ પાપસ્થાનક તેરમું (અભ્યાખ્યાન) ૨૪૬
૫ એક ઉત્તમ કારખાનું. ... ... ૨૫૦
૬ ઈટાલીના જૈનો પ્રત્યે પત્ર અને જૈનોની ફરજ. ... ... ... ૨૫૪
૭ આબુજીના દેરાસરમાં બુટ પહેરીને ન જવા સંબંધી સરકારનો ઠરાવ. ૨૫૭


શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## श्री मलयगिरिजीकृत टीकायुक्त

# कर्मप्रकृति

## ( कम्मपयडी. )

આ ગ્રંથ છપાઈને તૈયાર થયો છે. કર્મ સંબંધી આઠ કરણ વિગેરેનું જ્ઞાન મેળવવાના ઈચ્છકને માટે આ ગ્રંથ બહુજ ઉપયોગી છે. તે ઝવેરી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ અમને આપવામાં આવ્યો છે. તેઓ પોતાના રીવાજ અનુસાર ભેટ આપતા હશે તેમને ભેટ મોકલશે. બાકીનાઓને માટે પડત કિંમત કરતાં લગભગ અરધી કિંમતના ધોરણને લઈને તેમણે ચૌદ આના કિંમત રાખેલી છે. ખરીદ કરવા ઇચ્છનારે મુંબઈ ઝવેરી જીવણચંદ સાકરચંદ ઉપર પત્ર લખવો અથવા સુરત મગનલાલ વેલચંદ ઉપર ઠેકાણું ગોપીપુરા કરીને પત્ર લખવો.

આ ગ્રંથ ઉપર બીજી ટીકા શ્રી યશોવિજયજી ઉપાધ્યાયની કરેલી છે. જે ઉદાર દિલના ગૃહસ્થને રૂ. ૮૦૦) લગભગ જ્ઞાનદાનમાં વાપરવાની ઈચ્છા હોય તે અમને જણાવશે તો તેને માટે પ્રયત્ન કરવામાં આવશે.

## લાઈફ મેમ્બરોને ખાસ વિજ્ઞપ્તિ.

લાઈફ મેમ્બરને ભેટ આપવાના ગ્રંથો બુકના આકારે બંધાવતાં તેનું બંધામણ વધારા પડતું બેઠેલું હોવાથી જેઓ બુકાકારે ગ્રંથો મોકલવા જણાવે છે તેમની પાસેથી બંધામણ તરીકે એકંદર રૂ ૧-૭-૦ લેવામાં આવે છે. તે તે ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં સહાય આપનાર ગૃહસ્થો પાસેથી બુકોનું બંધામણ લેવામાં આવ્યું નથી. તેથી બહારગામના લાઈફ મેમ્બરોને ભેટના પુસ્તકો મોકલતાં પોસ્ટેજ ઉપરાંત તેટલી રકમ મંગાવવામાં આવે છે. તંત્રી.

## નીચેના ગ્રંથો કિંમતથી મંગાવનારને માટે નીચે પ્રમાણે ભાવ રાખવામાં આવ્યા છે.

| | | કિંમત. | પોસ્ટેજ. |
|---|---|---|---|
| ૧ | શ્રી પંચાશક ગ્રંથ સટીક. ફા. ૫૦ શ્લોક ૧૦૦૦૦ | રૂ ૨॥ | ০।– |
| ૨ | શ્રી કર્મગ્રંથ ટીકા યુક્ત વિભાગ ૨જો. ફા. ૪૦ શ્લોક ૮૦૦૦ | રૂ ૨) | ০। |
| ૩ | શ્રી જ્ઞાનસાર ટીકાયુકત. ફા. ૧૪ શ્લોક ૩૦૦૦ | રૂ ০।॥ | ০)=॥ |
| ૪ | શ્રી પરિશિષ્ટ પર્વ. ફા. ૨૨ શ્લોક ૪૦૦૦ | રૂ ૧) | ০)≡ |
| ૫ | શ્રી પ્રમેયરત્નકોષ. ફા. ૬ શ્લોક ૧૨૦૦ | રૂ ০। | ০)– |
| ૬ | શ્રી પ્રકરણો વિગેરેના સ્તવનાદિનો સંગ્રહ. | રૂ ০॥ | ০)–॥ |
| ૭ | શ્રીધનપાળ પંચાશિકા. ટીકા અર્થયુક્ત. | રૂ ০)≡ | ০)૩ |
| ૮ | ધર્મતત્વવાર્તા ને લક્ષ્મી સરસ્વતીનો સંવાદ. | રૂ ০)≡ | ০)૩ |

બહારગામથી મંગાવનારને પોસ્ટેજ ઉપરાંત એક આનો રજીસ્ટરનો આપવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन धर्म प्रकाश.

भो भो भव्याः प्रदीप्तभवनोदरकल्पोऽयं संसारविस्तारो निवासः शारीरादिदुःखानां। न युक्त इह विदुषः प्रमादः। अतिदुर्लभेयं मानुषावस्था। प्रधानं परलोकसाधनं। परिणामकटवो विषयाः। विप्रयोगान्तानि सत्सङ्गतानि। पातभयातुरमविज्ञातपातमायुः। तदेवं व्यवस्थिते विध्यापनेऽस्य संसारप्रदीपनकस्य यत्नः कर्तव्यः। तस्य च हेतुः सिद्धान्तवासनासारो धर्ममेघः। अतः स्वीकर्तव्यः सिद्धान्तः। सम्यक् सेवितव्यास्तदभिज्ञाः। भावनीयं मुण्डमालिकोपमानं। त्यक्तव्या खल्वसदपेक्षा। भवितव्यमाज्ञाप्रधानेन। उपादेयं प्रणिधानं। पोषणीयं सत्साधुसेवया। रक्षणीयं प्रवचनमालिन्यं। एतच्च विधिप्रवृत्तः संपादयति। अतः सर्वत्र विधिना प्रवर्तितव्यं। सूत्रानुसारेण प्रत्यभिज्ञातव्यमात्मस्वरूपं। प्रवृत्तावपेक्षितव्यानि निमित्तानि। यतितव्यमसंपन्नयोगेषु। लङ्घयितव्या विस्रोतसिका। प्रतिविधेयमनागतमस्याः। भवत्येवं प्रवर्तमानानां सोपक्रमकर्मविलयः। विच्छिद्यते निरुपक्रमकर्मानुबन्धः। तस्मादत्रैव यतध्वं यूयमिति॥

। उपमितिभवप्रपञ्चा कथा।

પુસ્તક ૨૯ મું. કાર્તિક. સં. ૧૯૭૦. શાકે ૧૮૩૫. અંક ૮ મો.

## स्त्री हितशिक्षा.

જેને ચતુર સુઘડ મળી નાર, સફળ જીંદગાની–એ રાગ.

લાવણી.

સુકુળા કુળ ધર્માચાર વિચારી ચાલે,
સદ્વર્તન શીલથી ઉભય સુકુળ અજવાળે. ટેક.
પ્રભુ તુલ્ય ગણી પતિ પતિવ્રતા વ્રત પાળે,
મહા સતીઓના ગુણ પ્રભાતમાં સંભાળે;
પિઉ ઉંઘ્યાવણ નવ ઉંઘે પ્રથમ તે જાગે,
સૌ જમ્યા પછી જે જમે કહાઇ ત્યાગે. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પતિની આવકથી અધિક ન ખરચ કરાવે,
હઠ કરી ન લહે કાંઇ સુખ દુઃખ સહે સમભાવે;
પર નિંદા વિકથા કરે ન ચાળા બાળા,
પરશેરી પરઘર ભમે ન ગુણમણિમાળા. ૨

ઝુલ.

ભણી ભાગ્યતણે અનુસાર,
તજે શૃંગારિક વ્યવહાર,
નિતિ ગ્રંથતણો લે સાર,
ધન્ય બાળા તે સંસાર.

કર્યો લગ્ન સમે જે કોલ પ્રતિજ્ઞા પાળે. **સદ્વર્તન૦ ૩**

ઘરકાજ કરે સુખસાજ ન બેસે નવરી,
રહી સ્વચ્છ કરે પ્રભુ ભક્તિ ન કરતી લવરી;
કરી વિનય વડીલનો સદા બાળ સંભાળે,
ઘર દાસ દાસીને વહાલ ધરીને પાળે. ૪

સરલા સાદી નવ ચાલે ચટકે મટકે,
સદા ઝીણાં આછાં વસ્ત્ર ન રીઝે લટકે;
ઇર્ષા અભિમાન ન કરે સદા સંતોષી,
સા સ્વજનથી રાખે સંપ રહે નવ રોષી. ૫

ઝુલ.

મુખ મધુરા બોલે બોલ,
કહે જૂઠ ન પોલંપોલ,
બાહ્યાંતરમાં નહિ ડોળ,
જગમાં વાધે જસ તોલ.

**સાંકળચંદ** એ પતિ ભાગ્ય દેવી કળીકાળે. **સદ્વર્તન૦ ૬**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्री उमास्वाति वाचक विरचितम्

# प्रशमरति प्रकरणम्

## ( सरल व्याख्या समेतं )

( લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી )

( અનુસંધાન પુ. ૨૮ માને પૃષ્ઠ ૪૪થી. )

સંસારમાં પરિભ્રમણ કરતા પ્રાણીઓને સ્વકર્મોદયથી કદાચિત્ બ્રાહ્મણ જાતિ, કદાચિત ચાંડાલ જાતિ તેમજ કદાચિત્ ક્ષત્રિયાદિક જાતિ (ધારણ કરવી પડે છે) પરંતુ સદાય એકજ વિશિષ્ટજાતિ હોતી નથી એમ દર્શાવતા છતા ગ્રંથકાર કહે છે.

ज्ञात्वा भवपरिवर्ते जातीनां कोटीशतसहस्रेषु ।
हीनोत्तममध्यत्वं को जातिमदं बुधः कुर्यात् ॥ ८१ ॥
नैकाञ्जातिविशेषानिन्द्रियनिर्वृत्तिपूर्वकान्सत्त्वाः ।
कर्मवशाद्गच्छन्त्यत्र कस्य का शाश्वती जातिः ॥ ८२ ॥
रूपबलश्रुतमतिशीलविभवपरिवर्जितांस्तथा दृष्ट्वा ।
विपुलकुलोत्पन्नानपि ननु कुलमानः परित्याज्यः ८३॥
यस्याशुद्धं शिलं प्रयोजनं तस्य किं कुलमदेन ।
स्वगुणाभ्यलंकृतस्य हि किं शीलवतः कुलमदेन ॥८४॥
कः शुक्रशोणितसमुद्भवस्य सततं चयापचयिकस्य ।
रोगजरापाश्रयिणो मदावकाशोऽस्ति रूपस्य ॥ ८५ ॥
नित्यपरिशीलनीये त्वङ्मांसाच्छादिते कलुषपूर्णे ।
निश्चयविनाशधर्मिणि रूपे मदकारणं किं स्यात् ॥८६॥
बलसमुदितोऽपि यस्मान्नरः क्षणेन विबलत्वमुपयाति ।
बलहीनोऽपि च बलवान् संस्कारवशात्पुनर्भवति ॥८७॥
तस्मादनियतभावं बलस्य सम्यग्विभाव्य बुद्धिबलात् ।
मृत्युबले चाबलतां मदं न कुर्याद्बलेनापि ॥ ८८ ॥
उदयोपशमनिमित्तौ लाभालाभावनित्यकौ मत्वा ।
नालाभे वैक्लव्यं न च लाभे विस्मयः कार्यः ॥८९

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



परशक्त्यभिप्रसादात्मकेन किंचिदुपभोगयोग्येन ।
विपुलेनापि यतिवृषा लाभेन मदं न गच्छन्ति ॥ ९० ॥

**ભાવાર્થ**—સંસાર પરિભ્રમણ કરતાં લાખો, કરોડો જાતિમાં હીન, ઉત્તમ અને મધ્યમપણું પ્રાપ્ત થતું જાણીને કોણ ડાહ્યો માણસ જાતિમદ કરે ? કર્મના વશથી પ્રાણીઓ જુદી જુદી ઇંદ્રિયોની રચના પૂર્વક જુદી જુદી જાતિમાં ઉત્પન્ન થાય છે તો કોની કઇ ગતિ શાશ્વતી જાણવી ? વિશાળ કુળમાં ઉત્પન્ન થયા છતાં રૂપ, બળ, શ્રુત, મતિ, શીલ અને લક્ષ્મી રહિત દેખીને નિશ્ચે કુળમદ પરિહરવા યોગ્ય છે. જેનું શીલ ( ચરિત્ર ) અશુદ્ધ છે તેને કુળમદ કરવાનું શું પ્રયોજન છે ? તેમજ આત્મગુણથી વિભૂષિત શીલવંતને પણ કુળમદનું શું પ્રયોજન છે ? શુક્ર ( વીર્ય ) અને શોણિત ( રૂધિર ) થી ઉત્પન્ન થયેલા નિરંતર વૃદ્ધિ અને હાનિને પામતા અને રોગ તથા જરાથી ક્ષીણ થતા રૂપને મદનો અવકાશ કયો છે ? નિત્ય સંસ્કાર કરવા યોગ્ય, ત્વચા અને માંસથી આચ્છાદિત, મળથી પૂર્ણ તથા નિશ્ચે કરી વિનાશશીલ એવા રૂપને વિષે મદ શા માટે કરવો ? જે કારણ માટે બળવાન્ માણસ પણ ક્ષણમાત્રમાં નિર્બળતાને પામે છે અને બળહીન પણ સંસ્કારયોગે ફરી બળવાન્ થાય છે તેથી બુદ્ધિના બળે શરીરનું અનિયત બળ સમ્યગ વિચારી અને મૃત્યુના બળ પાસે પોતાની નિર્બળતા જાણી બળનો પણ મદ કરવો નહીં. ક્ષયોપશમાનુસારે અનિત્ય એવા લાભાલાભને જાણીને અલાભમાં ઉદ્વેગ અને લાભમાં વિસ્મય ન કરવો. પારકી શક્તિ અને મહેરબાનીની યોગે કંઇ પણ ઉપભોગ યોગ્ય મ્હોટા લાભવડે કરીને પણ મુનિવરો મદ કરતા નથી. ૮૧—૯૦

**વિવેચન**—ભવ એટલે નારકાદિક જન્મ તેનો પરિવર્ત એટલે પરિભ્રમણ અર્થાત્ સ્વકર્મવશાત્ નારકી થઇને તિર્યંચ યોનિમાં અથવા મનુષ્ય જાતિમાં જન્મ લે, ફરી એકેન્દ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિન્દ્રિય તેમજ પંચેન્દ્રિય જાતિમાં અવતરે. તેમાં એકેન્દ્રિયના સ્વસ્થાનમાં શર્કરા, વાલુકાદિક બહુ ભેદો કહ્યા છે. એવી રીતે અપકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિ કાયની જેટલી યોનિઓ તેટલાજ લક્ષપ્રમાણ જાતિઓ. તેવીજ રીતે દેવતાઓની પણ જાણવી. આથીજ ૮૪ લક્ષ યોનિ પ્રમાણ સંસાર કહ્યો છે. તેમાં ઉત્પન્ન થતા જીવ હીન ઉત્તમ તેમજ મધ્યમ કુળોમાં જન્મ લે છે. આ પ્રકારના ઢંગધડા વગરના ભવભ્રમણનું ભાન કરી કોણ વિદ્વાન્ જાતિમદને આદરે ?

એજ વાતને શાસ્ત્રકર્તા સ્ફુટતર–વધારે સ્પષ્ટ કરે છે.

એક સ્પર્શન ઇન્દ્રિયનું નિર્માણ થયે છતે એકેન્દ્રિય જાતિ કહેવાય છે. એવી રીતે અનુક્રમે રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રરૂપ એકેક અધિક ઇંદ્રિયનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્માણ થયે છતે તે બેઇંદ્રિય, ત્રિઇંદ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જાતિ કહેવાય છે. એવી રીતે સ્વકર્મવશાત્ ઇન્દ્રિય નિર્વૃત્તિપૂર્વક અનેક પ્રકારની જાતિઓને જીવ ધારણ કરે છે. આમાં કોની કઈ શાશ્વતી જાતિ છે? તેથી જાતિ-મદ કરવો યુક્ત નથીજ.

તેવીજ રીતે કુળમદ ટાળવા શાસ્ત્રકાર ઉપદેશ આપે છે.

પિતાના અન્વયને કુળ કહિયે. એવા વિશાળ એટલે લોકપ્રસિદ્ધ કુળમાં ઉત્પન્ન થયેલા સ્ત્રીપુરૂષોને પણ વિરૂપ કુબડા-વામનરૂપ પામેલા, નિર્બળ નિરક્ષર-અત્યંત મૂર્ખ, બુદ્ધિહીન, સદાચાર શૂન્ય-પરદારાદિક વ્યસનલુબ્ધ, અને ધનધાન્યાદિક સંપદા રહિત-નિર્ધન સ્થિતિનાં જોઇને ગર્વ કરવાનો અવકાશજ નહિં હોવાથી જરૂર કુળમદ પરિહરવા યોગ્ય છે.

વળી વિશેષમાં—

અસદાચાર ( નિંદ્ય આચાર ) નું સેવન કરવાથી જેનું વર્તન મલીન છે તે **કુળમદ** શું જોઈને કરે? તેને કુળમદ કરવો નિષ્પ્રયોજન છે. અને જેનામાં રૂપ, બળ, શ્રુત, બુદ્ધિ અને વિભવાદિક વિદ્યમાન છે તે સ્ત્રી પુરૂષ તે તે ગુણથીજ અલંકૃત છે તેથી સદાચાર સંપન્ન હોય તેને પણ કુળમદ કરવાની કશી જરૂરજ નથી. એ રીતે કુળમદ કરવો નિરર્થક છે માટે તેનો ત્યાગજ કરવો ઘટે છે.

રૂપમદ પણ નજ કરવો જોઇએ એમ શાસ્ત્રકાર બતાવે છે.

પિતાનું વીર્ય અને માતાનું રૂધિર એ બંનેથી ઉદ્ભવેલા, અને નિરંતર મળતા અનુકૂળ પોષણથી વૃદ્ધિને પામતા અને અપથ્ય અનિષ્ટ ખાનપાનના ઉપયોગથી હાનિને પામતા, વળી જ્વર, અતિસાર, કાશ (ખાંસી) અને શ્વાસા-દિક રોગ અને વયહાનિરૂપ જરા અવસ્થાના સ્થાનભૂત એવા આ ઔદા-રિક દેહમાં રૂપનો મદ કરવા જેવો અવકાશજ કયાં છે? મતલબ આ અશુચિથી પેદા થયેલા, નિત્ય હાનિ વૃદ્ધિને પામતા અને વિવિધ રોગ તેમજ જરાથી જર્-જરા થતા દેહમાં રૂપનો મદ શું જોઇને કરવો? તેજ વાત વધારે સ્પષ્ટ કરી આગળ બતાવે છે. પુરૂષનાં નવ દ્વારથી અને સ્ત્રીના દ્વાદશ દ્વારથી સદાય સ્રવતા મળ ( અશુચિ ) ને યત્નપૂર્વક દૂર કરી સાફસૂફ રાખવા યોગ્ય, ચામડી અને માંસવડે આચ્છાદિત થયેલા ( ઢંકાયલા ), મૂત્ર, વિષ્ટા, રૂધિરાદિક અશુચિ પદા-ર્થોથી ભરેલા, અને ગમે તેટલા પ્રયત્નથી ગમે તે રીતે લાલનપાલન કરાયા છતાં પણ અંતે અવશ્ય વિણસી જનારા ( ભસ્મીભૂત થનારા અથવા માટી સાથે મળી જનારા ) એવા આ ક્ષણભંગુર દેહના રૂપમાં મદ કરવા જેવું છે શું? જેથી રૂપાળા નિર્વિવેકી લોકો મદ કરે! મતલબ કે આ ક્ષણભંગુર દેહના રૂપમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મદ કરવા જેવું કશું સુજ્ઞ જનોને તો જણાતું નથી; ફક્ત નિર્વિવેકી મૂઢ જનો જ તેનો ગર્વ કરેછે.

બળમદ પણ અવશ્ય તજવા યોગ્ય છે એમ શાસ્ત્રકાર જણાવે છે.

ગમે તેવો બળવાન્-કૌવતવાન્ માણસ પણ જોતજોતામાં તીવ્ર જ્વર કે વિશુચિકાદિક વેદનાથી પીડાતો છતો બળહીન થઇ જાય છે અને કોઇક દુર્બળ છતો સ્નિગ્ધ રસના સંસેવન પ્રમુખથી સંસ્કારવશાત્ શીઘ્ર પાછો બળવાન્ થઇ જાય છે. ઉક્ત ન્યાયથી બળ સત્તા કદાચિત્ હોય અને કદાચિત્ ન પણ હોય. એ રીતે તેનું અનિયતપણું સ્વબુદ્ધિબળથી સારી રીતે વિચારી જોઇ અને મૃત્યુના બળ પાસે તો શરીરબળ, સ્વજનબળ, કે દ્રવ્યબળ કશુંજ કામ આવતું નથી. એમ ચોક્કસ સમજી રાખી છતા બળનો પણ મદ ન કરવો, એજ સુજ્ઞ જનોને ઉચિત છે.

લાભમદ કરવો એ પણ અનુચિતજ એમ શાસ્ત્રકાર બતાવે છે.

લાભાન્તરાય કર્મના ક્ષયોપશમથી ખાન, પાન, વસ્ત્ર, વસતિ, પીઠ ફલકાદિકનો લાભ થાય છે. અને લાભાન્તરાય કર્મના ઉદયથકી તેમાંથી કશું મળતું નથી. એવી રીતે લાભ (પ્રાપ્તિ) અને અલાભ (અપ્રાપ્તિ) અનિત્ય–અનૈકાન્તિક જાણી અપ્રાપ્તિ સમયે દીનતા કરવી નહિં અને પ્રાપ્તિ સમયે ગર્વ કરવો નહિં. જો લાભ થાય તો તેથી ધર્મ સાધનનું અધિષ્ઠાનરૂપ શરીર દશવિધ ચક્રવાલ સામાચારી પાળવા સમર્થ થશે અને લાભ નહીં થાય તો તેથી અદીનવૃત્તિવાળા મુનિને નિર્જરા તો અવશ્ય થશેજ. એથી ઉક્ત ઉભય પ્રસંગે જ્ઞાની પુરૂષોને સમભાવજ રાખવો ઘટે છે. પર જે દાતા–ગૃહસ્થાદિ તે તેની દાનાન્તરાય કર્મક્ષયોપશમ જનિત શક્તિ પ્રમાણે દાન આપે છે–આપી શકે છે. સાધુ તપસ્વીને જોઈ તે દાતાનું મન પ્રસન્ન થાય છે કે "અહો! આ મહાત્માને દીધેલું દાન બહુ ફળદાયી થશે." એવી રીતે મળેલો પરપ્રસાદાત્મક લાભ તે પણ તે (વસ્ત્રાદિક) ના પ્રમાણમાંજ પોતાની ગરજ સારે; પણ કંઈ જીવિત પર્યંત ગરજ સારે નહિં, એ રીતે (પર–દાતાની શક્તિ અનુરૂપ તત્પ્રસાદાત્મક, અને કિંચિત્ ઉપભોગ યોગ્ય) મળેલા વિશાળ લાભવડે પણ મુનિવરો લવલેશ માત્ર મદ કરે નહિં. મુનિવરોને એજ નીતિ ઉચિત છે. ૮૧–૯૦

બુદ્ધિમદ–શ્રુતમદ પણ વર્જવા શાસ્ત્રકાર ઉપદિશે છે.

ग्रहणोद्ग्राहणनवकृतिविचारणार्थावधारणाद्येषु ।
बुद्ध्यङ्गविधिविकल्पेष्वनन्तपर्यायवृद्धेषु ॥ ९१ ॥
पूर्वपुरुषसिंहानां विज्ञानातिशयसागरानन्त्यम् ।
श्रुत्वा सांप्रतपुरुषाः कथं स्वबुद्ध्या मदं यान्ति ॥९२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

द्रमकैरिव चटुकर्मकमुपकारनिमित्तकं परजनस्य ।
कृत्वा यद्वाल्लभ्यकमवाप्यते को मदस्तेन ॥९३॥
गर्वं परप्रसादात्मकेन वाल्लभ्यकेन यः कुर्यात् ।
तं वाल्लभ्यकविगमे शोकसमुदयः परामृशति ॥९४॥
माषतुषोपाख्यानं श्रुतपर्यायप्ररूपणां चैव ।
श्रुत्वातिविस्मयकरं च विकरणं स्थूलभद्रमुनेः ॥९५॥
संपर्कोद्यमसुलभं चरणकरणसाधकं श्रुतज्ञानम् ।
लब्ध्वा सर्वमदहरं तेनैव मदः कथं कार्यः ।९६॥

**ભાવાર્થ**—ગ્રહણ કરવું, બોધ આપવો, નવી રચના કરવી, વિચારણા અને અર્થધારણાદિ અનંતગુણ વૃદ્ધિવાળા બુદ્ધિના ભેદો વિદ્યમાન છતે પૂર્વ મહાપુરૂષોના સમુદ્ર સમાન વિજ્ઞાનાતિશયને સાંભળીને આધુનિક પુરૂષો પોતાની બુદ્ધિથી કેમ મદ કરી શકે? ભીખારીની જેમ અન્ય જનોની ઉપકાર નિમિત્તે ખુશામત કરીને જે પ્રીતિ મેળવાય તેવડે મદ શો કરવો? પરની કૃપારૂપ વલ્લભતાવડે કરીને જે ગર્વ કરે તે વલ્લભતા નાશ પામે છતે અત્યંત શોકને પ્રાપ્ત થાય છે. માષતુષ મુનિનું આખ્યાન અને શ્રુતજ્ઞાનના ભેદની પ્રરૂપણા તેમ જ શ્રી સ્થૂલિભદ્ર મુનિની અતિ વિસ્મયકારી વિક્રિયા સાંભળીને સત્સંગ અને અભ્યાસ વડે સુલભ, ચરણકરણનું સાધક એવું સર્વ મદને હરનારૂં શ્રુતજ્ઞાન મેળવીને તે જ શ્રુતજ્ઞાનથી મદ કેમ કરવો? ૯૧—૯૬

**વિવેચન**—પૃથક્ પૃથક્ વદતા એવા પણ બહુ જનોના વચનોની ઉપલબ્ધિ–સમજ થવી તે **ગ્રહણ**, પર પ્રત્યે સંસ્કૃત ગદ્ય પદ્ય શબ્દાર્થનું કહેવું તે **ઉદ્ગ્રાહણ**, સ્વયમેવ નવાં પ્રકરણ અધ્યયનાદિકનું નિર્માણ કરવું તે **અભિનવ કૃતિ**, આત્મા સાથે કર્મબંધ શી રીતે થાય અને તેનાથી છૂટકારો શી રીતે થાય? ઇત્યાદિક સૂક્ષ્મ બાબતો વિષે યુક્તિસર જિજ્ઞાસાદિક તે **વિચારણા**, આચાર્યાદિકના મુખથકી નિકળેલા શબ્દાર્થનું એકજ વખતે ગ્રહણ કરી લેવું પણ બે ત્રણ વાર ઉચ્ચારણ કરવાનો પ્રયાસ ન આપવો તે **અર્થાવધારણ**, આદિ શબ્દથી ધારણા પણ ગ્રહણ કરી લેવી. બુદ્ધિનાં અંગ જે શુશ્રૂષાદિક તેનું આગમવડે પ્રતિપાદન કરવું તે **વિધિ**, તેના વિકલ્પ (ભેદ) પૈકી કેટલાક પરસ્પર અનન્ત પર્યાય વૃદ્ધ હોવા સંભવિત છતે (કેમકે મતિ–શ્રુતજ્ઞાન સમસ્ત દ્રવ્ય વિષયિક હોવાથી, અવધિજ્ઞાન સમસ્ત રૂપી દ્રવ્ય વિષયિક હોવાથી અને મનઃપર્યવ જ્ઞાન તદ્ અનંત ભાગવર્તી રૂપી દ્રવ્ય વિષયિક હોવાથી ક્ષયોપશમ જનિત બુદ્ધિ વિશેષ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેદો પરસ્પર અનન્ત પર્યાય વૃદ્ધ હોઇ શકે. ) વળી પૂર્વ પુરૂષો–ગણધર પ્રમુખ ચૌદ–દશ પૂર્વધરો યાવત્ એકાદશ અંગધારી–પરીસહ કષાય ઇન્દ્રિય કુરંગોને હણવા સમર્થ હોવાથી તે **પુરૂષસિંહ** કહેવાય છે. તેમનો વિજ્ઞાન પ્રકર્ષ, સમુદ્ર સમાન વિશાલ સાંભળીને અથવા એવા અનેક ગહન વિજ્ઞાનાતિશયધારી પુરૂષો પૂર્વે થઇ ગયેલા સાંભળીને સંપ્રતિ દુષમ કાળમાં વર્તતા પુરૂષો પોતાની સ્વલ્પ બુદ્ધિવડે કેવા પ્રકારે મદ કરે ? કોઇ રીતે મદ કરવો તેમને નજ ઘટે.

વળી બીજા પ્રકારના મદ પણ પરિહરવા શાસ્ત્રકાર સમજાવે છે.

રંકની પેરે ગૃહસ્થાદિક પરજનની અનુવૃત્તિ સાચવી, તેની ખુશામત કરી અથવા એવાંજ કામ કરી કોઈ લોકને વ્હાલો થાય અથવા એમણે પ્રથમ મ્હારા ઉપર ઉપકાર કરેલ છે અથવા તો તે હવે પછી કરશે એમ વિચારી બીજાની અનુજ્ઞાએ વર્તી વ્હાલપ મેળવવામાં આવે એવી રીતે મેળવેલા કૃત્રિમ વ્હાલપવડે મદ શો કરવો ? નજ કરવો. અત્ર આચાર્યાદિક પૂજ્ય જનોનો આગમ મર્યાદા મુજબ સત્કાર કરવો, તેમનો વિનય સાચવવો, અને તેમની આજ્ઞા ઉઠાવવી એ કોઇ રીતે દૂષિત કરતું નથી. કેમકે તેમ કરવામાં **લોકોત્તર હેતુ** સમાયેલો છે. વળી પ્રથમ જણાવેલી કૃત્રિમ વ્હાલપથી દૂષણાંતર થતું જણાવે છે. ' હું બહુ જનોને વલ્લભ છું ' એ રીતે કોઈ પર પ્રસાદ જનિત ગર્વ કરે. પોતાની અનુજ્ઞાએ ચાલનારા ઉપર તુષ્ટમાન થઇ બીજો કંઇક પ્રસાદ કરે એટલે તેને અન્નપાન વસ્ત્રાદિક આપે. એટલા માત્રથી જે ગર્વ કરે તેને બીજા પાસેથી મેળવેલી વ્હાલપ મટી ગયે છતે અને ઉલટો દ્વેષ જાગ્યે છતે શોક માત્ર છવાઇ રહે છે. ' અહો ! આટઆટલો હું એને અનુસરી ચાલ્યો છતાં એ એકી સાથેજ મારાથી વિરક્ત થઇ ગયો ' એવી રીતે પૂર્વલી વાત સંભારી સંભારી તે બાપડો મનમાં પીડા પામે છે.

વળી શ્રુતમદનો પરિહાર કરવા શાસ્ત્રકાર ઉપદિશે છે.

ભાવથી ગ્રહણ કરેલા સ્વલ્પ પણ શ્રુતજ્ઞાનથી જડમતિવાળો પણ નિર્વાણ પદ (મોક્ષ) સાધે છે એમ સમજી ગુરૂમહારાજાએ અનુકંપા બુદ્ધિથી એક જડબુદ્ધિ શિષ્યને રાગદ્વેષનો નિગ્રહ કરવાના રહસ્યવાળા " **मारुस मातुस** " એ બે પદ આપ્યાં. તે પદને ગોખતા તેમને સ્મૃતિ ભ્રંશ થઈ જવાથી ' માષ તુષ ' એ રીતે તે પદો મુખે ચઢી ગયાં. પરંતુ રાગદ્વેષના નિગ્રહ તરફ તેનું સતત્ લક્ષ હોવાથી અને ગુરૂમહારાજના એ અર્થગર્ભિત પદ ઉપર પૂરતો વિશ્વાસ હોવાથી તે શિષ્યમુનિની મુક્તિ થયેલી સંભળાય છે. તેથી હું બહુ ભણ્યો છું અને તેનો અર્થ પણ સારી રીતે જાણું છું એવો ગર્વ રાખવો મિથ્યા છે.

વળી કોઇ એક અર્થવાળાં શ્રુત વ્યાખ્યા કરે છે, કોઈ બે અર્થ કાઢી શકે છે, ત્યારે કોઇ એકજ સૂત્રના અનેક અર્થ કહે છે–કાઢી શકે છે, એ રીતે આગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મના અર્થ સંબંધી તારતમ્ય સાંભળી તેમજ શ્રી **સ્થૂલભદ્ર** મહર્ષિને અતિ વિસ્મયકારી વિકરણ–વિક્રિયા થયેલી સાંભળીને અર્થાત્ જ્યારે શ્રી સ્થૂલભદ્ર મુનીશ્વરની બ્હેનો **યક્ષાદિક** સાધ્વીઓ શ્રી ગુરૂમહારાજને વંદન કરી **સ્થૂલભદ્ર** મુનિને વંદન કરવા જતી હતી, ત્યારે પાસે આવતી પોતાની બ્હેનોને ચમત્કાર બતાવવા નિમિત્ત તેમણે વૈક્રિય સિંહરૂપનું નિર્માણ કર્યું હતું. આ હકીકત યક્ષાદિકના મુખથી સાંભળી શ્રુત ઉપયોગ મૂકી જોતાં ગુરૂમહારાજને જણાયું કે સ્થૂલભદ્ર મુનિ પોતે ગ્રહણ કરેલું જ્ઞાન જીરવી શક્યા નથી. એમ નિશ્ચય કરી તેમને ત્યારપછી નવી વાચના આપવા મના કરી; અને તેના પરિણામે પાછલા ચાર પૂર્વના અદ્ભુત રહસ્યથી તે બેનશીબ રહ્યા, અને ત્યારપછી થયેલા કોઇ પણ સાધુ તે રહસ્ય પામી શક્યાજ નહિં. આ બનેલી હકીકત (fact) સાંભળીને તેમજ આગમના જાણ બહુશ્રુત આચાર્યાદિકો સાથે સંસર્ગ–સમાગમ સેવવાથી તેમજ અભ્યાસવા યોગ્ય શાસ્ત્રાર્થ શ્રવણ કરવામાં ઉત્સાહ–ચઢતો પરિણામ રાખવાથી અનાયાસે મળી શકે એવું અને મૂળ ગુણ તેમજ ઉત્તર ગુણને પેદા કરી આપનારૂં અને સર્વ કોઇના જાત્યાદિ મદને ગાળી નાખનારૂં શ્રુતજ્ઞાન સંપાદન કરીને તેજ શ્રુતજ્ઞાનવડે મદ કેમ કરવો ઘટે ? અપિતુ નજ કરવો ઘટે. વિષઉત્તારક ઔષધિના પ્રયોગથી વિષવૃદ્ધિ નજ થવી જોઇએ. ૯૧–૯૬

ત્યારે આવા પ્રકારના મદનું સેવન કરવાથી ફાયદો શો ? તે કહે છે.

एतेषु मदस्थानेषु निश्चये न च गुणोऽस्ति कश्चिदपि ।
केवलमुन्मादः स्वहृदयस्य संसारवृद्धिश्च ॥९७॥
जात्यादिमदोन्मत्तः पिशाचवद्भवति दुःखितश्चेह ।
जात्यादिहीनतां परभवे च निःसंशयं लभते ॥ ९८ ॥
सर्वमदस्थानानां मूलोद्घातार्थिना सदा यतिना ।
आत्मगुणैरुत्कर्षः परपरिवादश्च संत्याज्यः ॥९९॥
परपरिभवपरिवादादात्मोत्कर्षाच्च बध्यते कर्म ।
नीचैर्गोत्रं प्रतिभवमनेकभवकोटिदुर्मोचम् ॥१००॥
कर्मोदयनिर्वृत्तं हीनोत्तममध्यमं मनुष्याणाम् ।
तद्विधमेव तिरश्चां योनिविशेषान्तरविभक्तम् ॥ १०१ ॥

**ભાવાર્થ**—આ મદ સ્થાનકોમાં નિશ્ચે કરીને જોતાં કોઇ પણ ગુણ જણાતો નથી; કિંતુ કેવળ સ્વહૃદયનો ઉન્માદ અને સંસારવૃદ્ધિ એજ ફળ માલુમ પડેછે. જાતિ આદિથી મદોન્મત્ત થયેલો આ ભવને વિષે પિશાચની પેરે દુઃખી થાયછે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પરભવને વિષે જરૂર જાત્યાદિકની ન્યૂનતા પામે છે. સર્વ મદસ્થાનકોને મૂળથી ઉખેડી નાખવાના કામી મુનિઓએ આત્મોત્કર્ષ અને પરાપકર્ષ સદા સર્વથા ત્યજવો જોઇએ. પરનો પરાભવ, પરની નિંદા, તેમજ આત્મોત્કર્ષ કરવાથી અનેક કોટી ભવે છુટી ન શકે એવું નીચ ગોત્રકર્મ ભવે ભવે બંધાય છે. કર્મોદયથી નિર્માણ થયેલું મનુષ્યોનું હીન ઉત્તમ અને મધ્યમપણું તેમજ યોનિવિશેષના ભેદથી વ્હેંચાએલું તીર્યંચોનું તેવુંજ હીનોત્તમ મધ્યમપણું સંભવે છે. ૯૭—૧૦૧

**વિવેચન**—આ ઉપર વર્ણવેલા જાત્યાદિક મદનું સેવન કરતાં આ લોક સંબંધી કે પરલોક સંબંધી કશો પણ ફાયદો થતો નથી. કદાચ વિશિષ્ટ જાતિ હોય તોય શું? અને હીન જાતિ હોય તોપણ શું? મદ કરવાથી તો ઘેલછાવાળાની પેરે અથવા ભૂતાવિષ્ટની પેરે કેવળ પોતાના હૃદયની ઉન્મત્તતા, યદ્વાતદ્વા બોલવાપણું અને વિપરીત કાયચેષ્ટાનું કરવાપણું એજ પરિણામ આવે છે. તેથી જન્મ જરા મરણના વિસ્તારરૂપ સંસારની અનિવાર્ય વૃદ્ધિ થયા કરે છે. જાતિ પ્રમુખ આઠ પ્રકારના મદવડે ઉન્મત્ત બનેલો જીવ આ લોકમાંજ **શુચિપિશાચની** પેરે દુઃખી થાય છે. તેનું દૃષ્ટાંત આ રીતે છેઃ—કોઈ એક શુચિપિશાચ ( જેને શૌચનું ભૂત ભરાયું હતું તે ) લોક વસતીવાળો દેશ તજી દઇ સમુદ્ર મધ્યવર્તી દ્વીપમાં જઇને રહ્યો. ત્યાં શેલડીના પુષ્કળ વાઢ હોવાથી તેના રસનુંજ પાન કરવાથી ગુદાદ્વારા ગોળના કટકા જેવું કોઇ અન્ય પુરૂષની વિષ્ટાનું પરિણામાંતર થયેલું જોઇ શુચિપિશાચે તે ચાખી જોયું; તો તેને તે સ્વાદિષ્ટ લાગ્યું અને તે ખાઇને સદા તૃપ્ત રહેવા લાગ્યો. ત્યારપછી કોઈ એક વણિક તેનું વહાણ ભાંગી ગયાથી પ્રથમ આવી રહ્યા હતો તેને તેણે જોયો; તેથી ઉદ્વેગ પામેલો શુચિપિશાચ તે સ્થાનનો પણ ત્યાગ કરી બીજા દ્વીપે ગયો. ત્યાં પણ વલ્ગુલી ( વાગોળ ) પ્રમુખ પંખીઓવડે દૂષિત થયેલાં ફળનો આહાર કરવા લાગ્યો. એમ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં તે દુઃખી થયો. એવી રીતે મદ કરનારના પ્રગટ માઠા હાલ અહીં પણ થાય છે અને પરભવમાં વળી હીન જાત્યાદિકપણે ઉપજે છે. એમ સમજી શાણા માણસોએ જાતિમદ કરવો યુક્ત નથીજ.

ત્યારે મદ તજી મુનિજનોએ શું કરવું? તે શાસ્ત્રકાર બતાવે છે.

કોઇ પણ પ્રકારનો મદ કરવામાં એકાન્ત નુકશાનજ છે તેથી જાતિ પ્રમુખ આઠે મદોનું મૂળ–બીજરૂપ જે ગર્વ તેનો વિનાશ કરવાના અર્થી એવા મોક્ષસાધનમાં પ્રયત્નશીલ મુનિએ સદા સર્વદા જાત્યાદિક આત્મગુણોવડે ઉત્કર્ષ એટલે ગર્વ અને પરપરિવાદ એટલે પારકા અવર્ણવાદ સર્વથા ત્યજવા યોગ્ય છે.

પરપરિવાદ શા માટે તજવો જોઇએ? તે હવે શાસ્ત્રકાર દર્શાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'આ જાતિહીન વડે શું ?' એ રીતે અન્યનું અપમાન કરવું અને 'આ આવું આવું અકાર્ય કરે છે' એ રીતે અન્યના અવર્ણવાદ બોલવા, તેમજ જાત્યાદિકવડે આપવડાઇ કરવી, એ રીતે જીવ નીચ ગોત્ર કર્મ બાંધે છે. જ્યાં જ્યાં જન્મ લે છે ત્યાં ત્યાં મ્લેચ્છ, દાસ અને ચાંડાલાદિક જાતિને વિષે તે કડવો અનુભવ કરે છે. અને તેવું કર્મ અનેક કોટિગમે ભવમાં ( સર્વત્ર ભીતિયુક્ત ) ભોગવતાં પણ તેનો છુટકો થતો નથી. કેમકે તે ( નામ ગોત્ર કર્મ ) ની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડ સાગરોપમની કહી છે.

કર્મના ઉદયથી હીનાદિક જાતિમાં જન્મ થાય છે, પણ અકસ્માત્ થતો નથી. એ હકીકત શાસ્ત્રકાર બતાવે છે.

ઉચ્ચ નીચ ગોત્ર કર્મના ઉદયથી મનુષ્યોનું તેમજ તિર્યંચોનું હીન, ઉત્તમ અને મધ્યમપણું, મનુષ્ય યોનિ અને તિર્યંચ યોનિ તેમજ બીજી બધી મળી કુલ ૮૪ લક્ષ યોનિના ભેદોથી ઓળખાતું જાણી તેમજ આગળ બતાવાતી હકીકત ઉપરથી જીવને ભારે વૈરાગ્ય જાગવો જોઇએ એમ શાસ્ત્રકાર બતાવેછે. ૯૭-૧૦૧

देशकुलदेहविज्ञानायुर्बलभोगभूतिवैषम्यम् ।
दृष्ट्वा कथमिह विदुषां भवसंसारे रतिर्भवति ॥ १०२ ॥
अपरिगणितगुणदोषः स्वपरोभयबाधको भवति यस्मात् ।
पञ्चेंद्रियबलविबलो रागद्वेषोदयनिबद्धः ॥ १०३ ॥
तस्माद्रागद्वेषत्यागे पञ्चेन्द्रियप्रशमने च ।
शुभपरिणामावस्थितिहेतोर्यत्नेन घटितव्यम् ॥ १०४ ॥
तत्कथमनिष्टविषयाभिकांक्षिणा भोगिना वियोगो वै ।
सुव्याकुलहृदयेनापि निश्चयेनागमः कार्यः ॥ १०५ ॥

**ભાવાર્થ**—દેશ, કુળ, દેહ, વિજ્ઞાન, આયુષ્ય, બળ, ભોગ અને લક્ષ્મીનું વિષમપણું જોઇને વિદ્વાન્ પુરૂષોને આ ભવસંસારને વિષે કેમ રતિ થઇ શકે ? જે કારણ માટે પાંચે ઇંદ્રિયોના બળ આગળ નિર્બળ થએલો અને રાગદ્વેષના ઉદયથી નિયંત્રિત થયેલો, ગુણ દોષને નહી સમજી શકેલો જીવ સ્વપર ઉભયને બાધકભૂત થાય છે. તે કારણમાટે રાગદ્વેષનો ત્યાગ કરવાને અને પાંચે ઇંદ્રિઓના બળને નિર્બળ કરવાને તેમ જ શુભ પરીણામને ટકાવી રાખવાને યત્ન કરવો જોઇએ. અનિષ્ટ વિષયને અભિલષતા ભોગીને તેવા વિષયથકી વિયોગ થાય છે માટે અતિ વ્યાકુળ હૃદયવાળાએ પણ નિશ્ચે કરી આગમનો અભ્યાસ-પરિચય કરવો જોઇએ. ૧૦૨—૧૦૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેચન**—મગધ, અંગ, કલિંગાદીક આર્ય દેશ અને શક, યવન, કિરાત વિગેરે અનાર્ય દેશ; ઇક્ષ્વાકુ હરિવંશાદિક ઉત્તમ કુળ અને ભિક્ષુકાદિક નીચ કુળ; શુભ લક્ષણયુક્ત અવયવવાળો શોભનિક દેહ અને કુબ્જ, હુંડકાદિક માઠો અશોભનિક દેહ; જીવાદિક પદાર્થ વિષયિક વિશિષ્ટ બોધરૂપ વિજ્ઞાનવંત અને તેથી વિપરીત અજ્ઞાનવાન્; એક દીર્ઘ આયુષ્યવંત અને બીજો અલ્પ આયુષ્યવંત; એક બળવાન્ અને બીજો નિર્બળ; એક ભોગવાન્ અને બીજો ભોગ રહિત-છતાં ભોગને પણ ભોગવવા અસમર્થ; એક ધનાઢ્ય અને બીજો નિર્ધન; આ સઘળી વિષમતા કર્મોદય જનિત જાણીને બુદ્ધિમાન જીવોને આ વિષમ સંસારમાં રતિ કેમજ થાય? નજ થાય. પૂર્વોકત શુભાશુભ વસ્તુની પ્રાપ્તિ તથા-પ્રકારના શુભાશુભ કર્મ જનિતજ થયેલી જાણી સંસારથી વૈરાગ્ય થવોજ જોઇએ. અને વૈરાગ્યપૂર્વક ધર્માનુષ્ઠાન ઉપર અધિક આદર કરવો જોઇએ.

વળી બીજું પણ વૈરાગ્ય નિમિત્ત દર્શાવતાં છતાં શાસ્ત્રકાર કહે છે.

પાંચે ઇંદ્રિયોના પ્રબળ સામર્થ્યવડે પરાભવ પામેલો હોવાથી કોઇ રીતે માર્ગમાં સ્થપાવા અયોગ્ય બનેલો અને રાગદ્વેષના પ્રબળ વિકારને વશ થઇ ગયેલો હોવાથી ગુણ દોષની દરકાર સરખી નહિ કરનારો જીવ સ્વપર ઉભયને બાધાકારી થાય છે. પ્રેક્ષાપૂર્વક પ્રવૃત્તિ કરનાર જીવ ગુણ દોષનો પૂરતો વિચાર કરી ગુણકારી માર્ગને આદરે છે અને દોષકારી માર્ગનો પરિહાર કરે છે; અર્થાત્ તે ગુણનોજ આદર કરે છે અને દોષનો પરિત્યાગ કરે છે.

વસ્તુ સ્થિતિ આવી હોવાથી જીવનું ખરૂં કર્તવ્ય શું છે? તેજ બતાવે છે.

જેમ રાગ દ્વેષાદિક દુષ્ટ વિકારોનો આત્યંતિક ત્યાગ થાય-થઈ શકે તેમ જ પ્રવર્તવું યોગ્ય છે, અને જેમ પાંચે ઇંદ્રિયોનું બળ પ્રશાન્ત થાય-ઇંદ્રિયો ઉન્મત્ત થતી અટકે તેમ શુભ પરિણામને ટકાવી રાખવા માટે કાળજીથી ઉદ્યમ કરવો ઘટે છે. અથવા જે જે કારણોનું સેવન કરતાં શુભ પરિણામ પ્રગટે અને તેવા શુભ પરિણામ ટકી રહે તેવાં કારણ સેવવા પૂરતી કાળજી રાખવી ઘટે છે.

જે રીતે પ્રવૃત્તિ કરવી ઘટે છે તે શાસ્ત્રકાર બતાવે છે,

પોતાની શુભ પ્રવૃત્તિની શરૂઆત સમજપૂર્વક-વિવેકપૂર્વક થવી જોઇએ અને તે આવી રીતે—વક્ષ્યમાણ ન્યાયથી અનિષ્ટ વિષયોના અભિલાષી-વિષયભોગમાં આસક્ત બનેલા-ભોગી જીવે એ વિષયોનો આત્યંતિક વિયોગ થાય-થઇ શકે તેટલા માટે પોતાનું હૃદય ગમે તેવું વ્યગ્ર હોય તોપણ તે શબ્દાદિ વિષયો આ લોકમાં તેમજ પરલોકમાં અત્યંત હાનિકારક છે એમ યથાર્થ નિશ્ચય કરી લઇને અરિહંત-સર્વજ્ઞ પ્રણીત આગમ-શાસ્ત્રનો અભ્યાસ-પરિચય કરવો જોઇએ. જેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉક્ત ઉપાયના આલંબનવડે પૂર્વોક્ત વિષયાસક્તિ વિલય પામી જાય-નષ્ટ થઈ-નિર્મૂળ થઈ જાય. ૧૦૨-૧૦૫

ઉક્ત વિષયો **અનિષ્ટ** કેમ કહ્યા તે શાસ્ત્રકાર બતાવે છે.

आदावत्यभ्युदया मध्ये शृङ्गारहास्यदीप्तरसाः ।
निकषे विषया बीभत्सकरुणलज्जाभयप्रायाः ॥ १०६ ॥
यद्यपि निषेव्यमाणा मनसः परितुष्टिकारका विषयाः ।
किंपाकफलादनवन्ति पश्चादतिदुरन्ताः ॥ १०७ ॥
यद्वच्छाकाष्टादशमन्नं बहुभक्ष्यपेयवत्स्वादु ।
विषसंयुक्तं भुक्तं विपाककाले विनाशयति ॥ १०८ ॥
तद्वदुपचारसंभृतरम्यकरागरससेविता विषयाः ।
भवशतपरम्परास्वपि दुःखविपाकानुबन्धकराः ॥ १०९ ॥
अपि पश्यतां समक्षं नियतमनियतं पदे पदे मरणम् ।
येषां विषयेषु रतिर्भवति न तान्मानुषान्गणयेत् ॥११०॥
विषयपरिणामनियमो मनोऽनुकूलविषयेष्वनुप्रेक्ष्यः ।
द्विगुणोऽपि च नित्यमनुग्रहोऽनवद्यश्चसंचिन्त्यः ॥१११॥

**ભાવાર્થ**—પ્રારંભમાં અતિ અભ્યુદયવાળા, મધ્યમાં શૃંગાર, હાસ્ય અને દીપ્ત રસવાળા અને અંતમાં બિભત્સ, કરૂણા, લજ્જા અને ભયવાળા વિષયો છે. યદ્યપિ વિષયો બહુપેરે સેવ્યાથકા મનને તુષ્ટિકારી લાગે છે તોપણ કિંપાકફળના ભક્ષણની પેરે પાછળથી અતિ દુઃખદાયક નિવડે છે. જેમ અઢાર જાતના શાક યુક્ત અન્ન મિષ્ટાન્નપાનની પેરે મધુર છતાં વિષ સંયુક્ત ખાધું થકું તે છેવટ પરિણામે વિનાશકારી થાય છે; તેમ સામગ્રીયુક્ત રમ્ય રાગ રસથી સેવેલા વિષયો સેંકડો ભવ પરંપરામાં પણ દુઃખના અનુભવની પરંપરાને વધારે છે. અનિશ્ચિત એવું પણ મરણ જોતજોતામાં ડગલે ડગલે નિશ્ચિત થતું જોઇને જેમને વિષયોને વિષે રતિ થાય છે તેમને મનુષ્યજ ન ગણવા. મનને અનુકૂલ વિષયોને વિષે બમણો અનુગ્રહકારી અને નિષ્પાપ એવો વિષય પરિણામ નિયમ નિત્યપ્રતિ સારીરીતે ચિંતવવો. ૧૦૬—૧૧૧

**વિવેચન**—સ્પર્શાદિક વિષયો પ્રથમ-શરૂઆતમાં કુતૂહલથી ઉત્સુકતાવડે ઉત્સવભૂત લાગે છે: મધ્યમાં વિષય પ્રાપ્તિ સમયે શૃંગાર, વેષાભરણ, સ્તનસ્પર્શ, મુખચુંબન, કરનખક્ષત પ્રહાર, હાસ્ય સ્નેહ કોપાદિમય હોવાથી તે દીપ્ત રસવાળા લાગે છે, અને વિશિષ્ટ ભોગસંયોગ થયા બાદ વસ્ત્ર રહિત હોવાથી પ્રગટ ગુહ્યદ્વારાદિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંગ વિકૃતિ દેખાવાથી તેજ સ્પર્શાદિક વિષયો બિભત્સ-બીહામણા લાગે છે, તેમજ બહુ વિલાપાદિક સ્વરના શ્રવણથી, અનુકંપાપાત્ર હોવાથી, અને પરિશ્રમાંત પ્રયોજનપણાથી, રખે મને કોઇ આવી સ્થિતિમાં દેખી જાય એવી ભીતિથી ત્વરિત લજ્જાવંતી સ્વવસ્ત્રાદિ ધારી લે તેથી. પ્રાંતે તે કરૂણા, લજ્જા, ભય અને પરિશ્રમથી ભરેલા જણાય છે. મધ્યમાં પણ ઉદય પામેલી તીવ્ર મોહ વેદનાનો અનુભવ કરાવનારા અને આરંભમાં અતિ કુતૂહલથી આતુરતાને પ્રગટાવનારા હોય છે. એ રીતે કદાપિ તે ચિત્તની સ્વસ્થતા તો સંપાદન કરાવતા જ નથી તેથી પરિણામદર્શી-પરમાર્થદર્શી જનોએ ઉક્ત વિષયો ત્યજવા યોગ્યજ છે.

ઉક્ત વિષયો ભોગવતી વખતે લેશ માત્ર સુખ બુદ્ધિ ઉપજાવે છે તોપણ પરિણામે તો તે અતિ અનર્થ કરે છે તે શાસ્ત્રકાર બતાવે છે.

તે સ્પર્શાદિક કામ ભોગો સેવતી વખતે જો કે ક્ષણમાત્ર મનમાં હર્ષ ઉપજાવે છે તોપણ પછી પરિણામ કાળે કિંપાક વૃક્ષનાં ફળની પેરે અતિ દુઃખદાયી નિવડે છે. જેમ કિંપાકનાં ફળ દેખાવમાં મનોહર લાગે છે, જીભે લગાડ્યાં છતાં સ્વાદિષ્ટ લાગે છે તેમજ સુગંધી પણ હોય છે પરંતુ તે પચ્યા છતાં ખાનારના પ્રાણનો વિયોગ કરાવે છે એટલે તેનું મૃત્યુ નિપજાવે છે. તેમ આ પાંચે ઇંદ્રિયોનાં કામભોગ પણ શરૂઆતમાં સેવતાં સુંદર મનોહર આકર્ષક જણાય છે; પરંતુ પરિણામે ઉપર જણાવવામાં આવેલા ન્યાયે તે અતિ અનર્થ ઉપજાવનારા નિવડે છે. કિંપાકનાં ફળનું ભક્ષણ કરનારના દ્રવ્યપ્રાણ માત્રનો વિયોગ થાય છે ત્યારે અતિ આસક્તિ પૂર્વક કામભોગનું સેવન કરનારને તો અનેક ભવ પર્યંત રાગ દ્વેષ વિકારવશાત ભાવપ્રાણના પણ વિયોગનાં અસહ્ય દુઃખ સહેવાં પડે છે. આ હકીકતનું યથાર્થ મનન કરનારને એ વાત સ્પષ્ટ સમજી શકાય એવી છે. ૮૪લક્ષ ગહન જીવાયોનિમાં પરિભ્રમણ કરાવવામાં પ્રબળ નિમિત્તભૂત હોવાથી જ જ્ઞાની પુરૂષોએ વિષયભોગોને ' મહાવૈરી ' કહી બોલાવ્યા છે અને એ ઉપરથી જ વિષયાસક્તિ તજવાની-ઓછી કરી નાંખવાની આવશ્યકતા સિદ્ધ થઇ શકે છે. વળી અન્ય દૃષ્ટાંતથી શાસ્ત્રકાર એજ વાતનું સમર્થન કરે છે.

જેમ સુંદર જાતિનાં શાક યુક્ત અઢાર જાતનું અન્ન બહુ ભક્ષ્ય ( મોદકાદિ ) અને પેય ( મદિરાપાન પ્રમુખ ) ની પેરે સ્વાદિષ્ટ છતું જો વિષ સંયુક્ત થયેલું ખાવામાં આવ્યું હોય તો તે પરિણામકાળે ખાનારનો વિનાશ કરે છે; તેમ શબ્દાદિક વિષયો પણ ચાટુકર્મ-વિનયપ્રતિપત્તિરૂપ ઉપચારથી વિસ્તાર પામેલું રમણીયત્વ અને સ્નેહ રાગાતિશયવડે સેવવામાં આવ્યા છતાં ( વિષની પેરે એક ભવમાંજ નહિં પણ ) સેંકડો ગમે ભવસંતતિમાં જન્મ જરા મરણ અથવા આધિ વ્યાધિ ઉપાધિ અથવા સંયોગ વિયોગ જન્ય દુઃખના કારણ અનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવની કોટિઓને વધારનારા–દુઃખના સંતત અનુભવને કરાવનારા નિવડે છે. વળી પ્રત્યક્ષ પ્રમાણથી સ્થાને સ્થાને દેવનારકાદિક જન્મમાં, આર્ય અનાર્યાદિક મનુષ્યમાં તેમજ ગાય, ભેંશ અને અજાદિક તિર્યંચમાં પ્રાણીઓનું નિયત અનિયત કાળભાવિ મરણ થતું જાણીને પણ જેમને વિષયભોગમાં રતિ–આસક્તિ થાય છે, તેમને કુશળ પુરૂષો મનુષ્યની ગણનામાંજ ગણતા નથી; પરંતુ બુદ્ધિહીન હોવાથી તેમને તિર્યંચની ગણનામાં ગણે છે. દેવનારકીઓનું મરણ નિયત (નિશ્ચિત) કાળ ભાવી હોય છે ત્યારે મનુષ્ય તિર્યંચોનું મરણ અનિયત કાળ ભાવી હોય છે. અથવા સર્વ કાળે મનુષ્ય અને તિર્યંચોનું આયુષ અનિયત–અનિત્ય હોય છે. આ પ્રમાણે આયુષની અનિત્યતા જાણ્યા છતાં જેઓ વિષયરાગ તજતા નથી, તેમને મનુષ્ય કરતાં તિર્યંચજ ગણવા સારા છે.

સુજ્ઞ જનોએ તો આયુષ્યની અસ્થિરતા વિચારી શીઘ્ર એની વિષયાસક્તિ તજવા પૂરતો ખ્યાલ કરવોજ ઘટે છે એમ શાસ્ત્રકાર આગળ જણાવે છે.

મનને વ્હાલા લાગે એવા શબ્દાદિક વિષયોનો ભાવી પરિણામ સુજ્ઞ જનોએ અવશ્ય વિચારવો જોઇએ. એટલે અત્યારે ઇષ્ટ પરિણામવાળા જણાતા વિષયો કાળાંતરે અનિષ્ટ પરિણામવાળા થાય છે; અનિષ્ટ પરિણામવાળા દેખાતા વિષયો પાછા ઇષ્ટ પરિણામવાળા થઇ જાય છે; તેમનો કોઇ અવસ્થિત પરિણામ જણાતો નથી. ત્યારે તેવા અનવસ્થિત પરિણામવાળા વિષયોથી વિરમતાં છતાં આત્માને અતુલ અને અનવદ્ય પાપબંધના અભાવથી નિર્દોષ અનુગ્રહ (લાભ) થાય છે. તે સુજ્ઞોએ વિચારવું જોઇએ. અપૂર્ણ

# ચંદરાજાના રાસ ઉપરથી નીકળતો સાર.

(અનુસંધાન પૃષ્ટ ૧૧૩ થી.)

## પ્રકરણ ૧૧ મું.

હવે કુકડાપણું પામેલ ચંદરાજા પ્રભાત કાળે જ્યારે 'કુકડુ કુ' કરીને શબ્દ કરેછે ત્યારે ગુણાવળી તરતજ જાગી જાય છે અને સ્વામીને કુકડા થયેલા અને કુકડુકુ બોલતા જોઇ આંખમાંથી અશ્રુની ધારા વહેવરાવે છે. તે કહે છે કે—"હે સ્વામી! તમારા મનમાં તો આ સ્વર કરતાં કાંઇ થતું નહીં હોય પણ મને તો એ શબ્દ વજ્રના પ્રહાર જેવો લાગે છે. હે નાથ! જ્યારે પ્રાતઃકાળે કુકડા બોલતા હતા ત્યારે સવાર થઇ ગયેલી જાણી પ્રેમ પરવશ આપને તે શબ્દો ઝેર જેવા લાગતા હતા, તેવા જ શબ્દ કરનારા હવે આપને બનાવી દીધા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. અરે દુષ્ટ દૈવ ! તને ધિક્કાર છે ! વળી હે નાથ ! આપના આ શબ્દો સાંભળી આપની માતા તો કદી રાજી થતા હશે, પરંતુ મને તો તે શબ્દો બાણ જેવા હૃદયને ભેદનારા થઇ પડે છે. માટે હે સ્વામી ! આપ વારંવાર તેવા શબ્દો બોલશો નહીં." આ પ્રમાણે ગુણાવળી જે કહે છે તે કુકડો બરાબર સમજે છે પરંતુ પોતે પશુપણું પામેલ હોવાથી તેનો ઉત્તર આપી શકતો નથી.

એક દિવસ કુર્કટને સોનાના પાંજરામાં લઇને ગુણાવળી પોતાના મહેલના ગોખમાં બેઠી. કે જેથી નગરલોક તેની નજરે પડે અને તે નગરલોકની નજરે પડે. તે વખતે નગરલોકમાં થતી વાતચીત સાંભળી કુકડે રાણીની સામું જોયું અને બંનેના નેત્રોમાંથી અશ્રુની ધારા ચાલી. લોકો વાતો કરે છે કે–" અરે ભાઇ! બહુ દિવસથી આપણા રાજા ચંદ કેમ દેખાતા નથી? તેમના વિના આ આખી નગરી ચંદ્રમા વિનાના આકાશ જેવી વિરૂપ લાગે છે." ત્યારે બીજો કોઈ તેની પાસે જઇ તેનાં કાનમાં બોલ્યો કે–" ભાઈ ! શું તમને ખબર નથી? કે ચંદરાજાને તો તેની માતા વીરમતીએ કુકડો કરી દીધો છે. તેથી આપણા ભાગ્ય ક્યાંથી હોય કે આપણે હવે ચંદરાજાને જોઇએ." આમ વીરમતીની નિંદા અને ચંદરાજાની સ્તુતિ લોકો છડે ચોક કરવા લાગ્યા. કારણકે **ગામને મોઢે કાંઇ ગળાણું બંધાતું નથી.** લોકોની આ પ્રમાણેની વાત ચંદરાજાએ સાંભળી તેથી તે દિલગિર થયો. તેવામાં રસ્તે ચાલતા લોકોએ મહેલ તરફ ઉંચે જોયું. એટલે ગુણાવળીના ખોળામાં સોનાનું પાંજરૂં ને તેમાં કુકડો દેખી સૌ તેને **ચંદરાજા** કહી કહીને પ્રણામ કરવા લાગ્યા.

વીરમતીને આ વાતની ખબર પડી એટલે તે દોડતી ત્યાં આવી અને ગુણાવળીને ઠપકો આપતી સતી કહેવા લાગી કે "જો તારે કુકડાને જીવતો રાખવો હોય તો હવે પછી ફરીને તેને લઇને ગોખમાં બેસીશ નહીં. તને ખબર નથી કે એવી છાની વાત પ્રગટ કરવાથી તેનું ફળ શું નીપજે? માટે આપણો ગોળ આપણે ચોરી ખાઇએ; તેની બીજાને ખબર પાડવામાં માલ નહીં. વળી તારો આ એક ગુન્હો દરગુજર કરૂં છું પણ ફરીને આને લઇને ગોખમાં બેઠી છે તો તારો ગુન્હો હું દરગુજર કરીશ નહીં. પછી જાણજે કે મારા જેવી કોઈ ભુંડી નથી. વળી આમ કરવાથી કાંઇ તારો અર્થ સરે એમ નથી. જ્યાં દાવાનળ લાગ્યો છે ત્યાં કાંઇ પાણીના ડોગળાથી તે ઓલાવાનો નથી. વળી જો તને એ વહાલો હોય તો એને ઘરેણાગાંઠા પહેરાવ, રમાડ, જમાડ, પણ ભૂલેચુકયે ફરીને તેને લઇને ગોખમાં બેસીશ નહિ, તેને ચંદ કહીને બોલાવીશ નહિ અને લોકોને દેખાડીશ નહિ."

આ પ્રમાણે કહી તે વીરમતી ચાલી ગઇ એટલે ગુણાવળીને નિરાંત વળી. પછી તે પાંજરૂં લઇને ત્યાંથી ઉઠી પોતાના મહેલમાં ગઇ અને કુકડા માટે નવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવા આભુષણો કરાવી તેને પહેરાવવા લાગી, તેને સ્વચ્છ રાખવા લાગી અને અનેક પ્રકારે તેની પ્રતિપાલના કરવા લાગી. આ જગતમાં આશા મોટી વાત છે. આશા ઉપરજ જગતનું મંડાણ છે. આશાવડેજ દુઃખી માણસો જીવે છે. અહીં ગુણાવળી પણ આશાવડેજ દિવસો વ્યતિક્રમાવે છે. તે ધારે છે કે–એક દિવસ એવો આવશે કે જ્યારે પાછા મારા પતિ મનુષ્ય થશે. આમ આશામાં દિવસો કાઢતી અને સાસુથી બ્હીતી તે વખત ગાળે છે. સાસુની આજ્ઞા પ્રમાણે વર્ત્તે છે. તે જ્યારે કહે છે ત્યારે તેની સાથે આંબા પર બેસી દેશ વિદેશના કૌતુક જોવા પણ જાય છે. કુર્કટના પાંજરાને પણ સાથે રાખે છે. ત્રણે જણા નવા નવા આશ્ચર્ય નિહાળે છે. ગુણાવળી એક પળ પણ પાંજરૂં રેઢું મુકતી નથી. આ પ્રમાણે તે દિવસો વ્યતિક્રમાવે છે અને પતિના તેમજ પોતાના પર આવેલું કષ્ટ દૂર થવા માટે અનેક પ્રકારના તપ જપ પણ કરે છે.

અહીં આ પ્રકરણ સમાપ્ત થાય છે. કારણકે ચંદરાજા નીકળ્યા પછી પાછળ **પ્રેમલાલચ્છીનું** શું થયું તે જાણવાની જરૂર છે. આપણે તેને અધવચ સ્થિતિમાં પડી મુકી છે તો આ ટુંકા પ્રકરણનો સાર હૃદયમાં ધારણ કરીને પછી તેનું નવું પ્રકરણ શરૂ કરીએ.

## પ્રકરણ ૧૧માનો સાર.

આ પ્રકરણ નાનું છે પણ તેમાં રહસ્ય ઘણું છે. એક રાજવંશી રાજાએ પશુપણામાં જીવન ગાળવું અને એક રાજાની રાણીએ કુકડાને પતિ સ્વરૂપ માની તેની અવિચ્છિન્ન ભક્તિ કરવી એ અસાધારણ હકીકત છે. જીવ જે જાતિમાં જન્મ ધારણ કરે છે તે જાતિ પ્રમાણે સર્વ આચરણ કરે છે. તે જાતિમાં જવાથીજ તે આચરણો તેને આવડી જાય છે; શીખવવા પડતા નથી. અહીં ચંદરાજા પણ કુકડા થયા એટલે તેને તે જાતિના સર્વ આચરણ આવડે છે. તે કુકડાની પ્રમાણેજ 'કુકડુ કુ' બોલે છે. પ્રભાતે વહેલા જાગે છે અને બોલવા માંડે છે. ગુણાવળી પોતાની શય્યામાં પાસેજ પાંજરૂં રાખે છે, એટલે તેનો સ્વર સાંભળતાંજ જાગી જાય છે. કાંઇક ખડખડાટ થાય તો તેની નિદ્રા ઉડી જાય છે. કારણકે બીલાડી વીગેરે કોઈ અન્ય પ્રાણી કુકડાને ઉપદ્રવ ન કરે તેનો ભય તેને રહ્યા કરે છે. પ્રાતઃકાળમાં કુકડાને બોલતો સાંભળી પોતે પતિના સમાગમમાં ભોગવેલા સુખનું અને પ્રાતઃકાળમાં લીધેલી મીઠી નિદ્રાનું સ્મરણ થઇ આવે છે. તે યતકિંચિત્ વચનદ્વારા કહી બતાવે છે; પરંતુ ખરી રીતે તે વાત વચનથી અગોચર છે. એક ચિત્તવાળા પતિપ્રમદાના સુખ વચનદ્વારા વર્ણવી શકાતાંજ નથી.

ચંદરાજા કુકડા થયા છતાં, પ્રથમ મનુષ્ય હતા તેથી ગુણાવળીની કહેલી મનુષ્યની ભાષા સર્વ યથાર્થ સમજી શકે છે. માત્ર તે મનુષ્યની ભાષા બોલી શકતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. એટલે "મુંગેકુ સ્વપ્ના ભયા, સમજ સમજ પરતાય" એ કહેવત પ્રમાણે તે મનમાં ને મનમાં ખેદ પામ્યા કરે છે. પરંતુ તેનું નિવારણ તેના હાથમાં નથી. કેમકે દુષ્કર્મના સંયોગથી પરવશ પડેલ છે.

અન્યદા તેને લઇને ગુણાવળી ગોખમાં બેસે છે. તે પ્રસંગમાં લોકોમાં થતી વાત ચંદરાજાની પ્રજાપ્રિયતા બતાવે છે. તેની ઉપર પ્રજાની એવી અસ્ખલિત પ્રીતિ છે કે તેના દર્શનનો વિરહ પ્રજા ખમી શકતી નથી. **'વા વાત લઈ જાય'** એ કહેવતને અનુસરીને રાજમહેલમાં ગુપ્ત રીતે બનેલી હકીકત પણ બહાર પડ્યા વિના રહેતી નથી. તેથી લોકોમાં પણ ખબર પડી જાય છે કે 'ચંદરાજાને તેની અપરમાતા વીરમતીએ કુકડો બનાવી દીધો છે.' લોકોની તેના પર અપ્રીતિ તો હતીજ તેમાં આવા અકાર્યથી ઉમેરો થાય છે. લોકો તેના પર ઘણોજ અભાવ બતાવે છે. પરંતુ તેઓનું કાંઈ ચાલી શકતું નથી. કારણકે તે અનેક પ્રકારની વિદ્યાવાળી છે એમ જાણવાથી લોકો તેનાથી બહુ ડરે છે. નહીં તો સમુદાયનું બળ તો તેને પણ હેરાન કર્યા વિના રહે નહીં અને પ્રજાનો અભાવ રાજસત્તાને નષ્ટ કરે. પરંતુ વિદ્યાના બળને લઇને તે બધા નિરાશ થાય છે.

લોકો વાતો કરતાં કરતાં ઉંચું જુએ છે. એટલે તેમણે સાંભળેલી વાત કુકડાને પ્રત્યક્ષ જોવાથી પુરવાર થાય છે. તે વિચારે છે કે જો ચંદરાજા કુકડો થયેલ ન હોય તો ગુણાવળી બીજા કોઇ કુકડાને સોનાના પાંજરામાં નાખી તેનું પાંજરૂં ખોળામાં લઇને બેસે એ સંભવેજ નહીં. માટે જરૂર એ ચંદરાજાજ છે. એવી ખાત્રી થાય છે. પછી પ્રજાલોક તેને 'ચંદરાજા ચંદરાજા' કહીને પ્રણામ કરે છે પક્ષીપણામાં પણ લોકોની પ્રીતિ ઢાંકી રહેતી નથી.

કોઇ સેવક કે ચરપુરૂષદ્વારા વીરમતીના જાણવામાં એ વાત આવે છે એટલે તે એ હકીકત સહન કરી ન શકે એ નિર્વિવાદ હકીકત છે. લોકોમાં પણ પ્રગટપણે વિરૂદ્ધતા થાય તે વીરમતી ઇચ્છતી નથી, તેથી પોતાનું કરેલ આ કાર્ય પણ જગજાહેર ન થાય એમ તો તે પણ ઇચ્છે છે. એટલે વીરમતી એકદમ ગુણાવળી પાસે દોડી આવે છે અને કુકડાને લઇને લોકો દેખે તેમ ગોખમાં બેસવા બાબત ધમકાવે છે. સાથે ભય પણ બતાવે છે કે 'જો આમ ફરીને બેઠી તો કુકડો જીવતો રહેવો મુશ્કેલ છે.' તેના ક્રોધની તો હદજ નથી. માત્ર આયુષ્યના બળથીજ અને ફરીને પાછા મનુષ્ય થઇને સાંસારિક સુખભોગ ભોગવવાનું ભાગ્યમાં લખેલ હોવાથીજ વીરમતી તેના પ્રાણનું વ્યપરોપણ કરી શકતી નથી. વીરમતી કહે છે કે 'એક પાણીના કોગળાથી કાંઈ દાવાનળ ઓલાવાનો નથી.' પતિને પક્ષીની સ્થિતિમાં જોતાં ગુણાવળીને જે હૃદયદાહ થાય છે તે કાંઇ તેને લઇને ગોખમાં બેસવાથી શાંત થાય તેમ નથી એ ખરેખરી વાત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીરમતી આક્રોશ કરી પાછી જાય છે એટલે ગુણાવળીના જીવમાં જીવ આવે છે. અર્થાત્ તે ક્રોધ પામીને શું કરી નાખશે તે કાંઈ ધારી શકાય તેમ ન હોવાથી ગુણાવળી તેનાથી બહુ ભય પામે છે. વીરમતીના ગયા પછી તે ગોખમાંથી ઉઠે છે અને પોતાના મહેલમાં આવી કુકડાને બંદોબસ્તા થાય તેવાં નવી નવી જાતના સુવર્ણના તેમજ રત્નજડીત આભુષણો કરાવે છે ને તેને પહેરાવે છે. એ રીતે કાંઈક દિલાસો મેળવે છે અને હૃદયને બીજી બાજુ વાળે છે.

આશા ! આશા !! તેં જગતના જીવોને જીવાડ્યા અને તેંજ તેને આશામાં નિરાશ કરી મારી પણ નાખ્યા !! તારી જેવી જગતને રમાડનારી, લલચાવનારી, જીવાડનારી અને મારી નાખનારી બીજી કોઇ વસ્તુ નથી. જગતના જીવોની આશા પ્રાયે કવચિતજ ફળીભૂત થાય છે છતાં જગત બંધુ તેને આધીન વર્ત્યા કરે છે; અને કાળ વ્યતીત કરે છે. કેદમાં પડેલો કેદી 'કાલે મુદત પુરી થશે ને છુટી જઇશ' એમ આશા રાખે છે. વ્યાધિગ્રસ્ત માણસ 'કાલ વ્યાધિ મટી જશે ને નિરોગી થઈશ' એમ ધારે છે. નિર્ધન માણસ 'કાલે દ્રવ્ય મળશે ને દારિદ્ર નાશ પામશે' એમ ચાહે છે. એવી રીતે જગતના જીવોમાત્ર જૂદા જૂદા પ્રકારની આશા રાખી જીવનદોરીને લંબાવે છે. વૃદ્ધ માબાપ અને વિધવા સ્ત્રી 'કાલે પુત્ર મોટો થશે અને રળી લાવશે' એવી આશામાં પુત્રને ઉછેરે છે. આશા ન હોત તો જગતનું શું થાત ? તેની કલ્પના પણ થઇ શકતી નથી. અહીં ગુણાવળી 'પતિ પાછા મનુષ્ય થશે અને સુખભોગ ને રાજવિલાસ ભોગવશું' એવી આશામાં દોહિલા દિવસો વ્યતિક્રમાવે છે. જો એવી આશા ન હોય તો કુકડાની પ્રતિપાલના અને રાત્રિ દિવસ તેના જીવની જાળવણી કરી શકેજ નહીં.

કેટલોક વખત વીત્યા પછી અન્ય ઉપાય લક્ષમાં ન આવતાં પતિપરનું કષ્ટ અને પોતાની ઉપર આવી પડેલું દુઃખનું વાદળ દૂર થવા માટે ગુણાવળી અનેક પ્રકારની તપસ્યાઓ કરવાનું શરૂ કરે છે. પરમાત્માની કૃપાથી અશુભ સંચય ક્ષીણ થશે ત્યારે તે તપાદિકના પ્રભાવથી તેને સુખ સંપત્તિ પ્રાપ્ત થશે આપણે પણ તેની તેવી સુખી સ્થિતિ જોવાની આશા રાખતા રાખતા આગળ પ્રયાણ કરીએ.

ગુણાવળી ને વીરમતીની વાતમાં આપણે **પ્રેમલાલચ્છીને** તો બીલકુલ ભૂલીજ ગયા છીએ. તે બીચારી એકલી પડી છે, ચંદર જા તેને તરછોડીને ચાલી નીકળ્યા છે, તેને પોકાર કરવા યોગ્ય સ્થાન પણ નથી, ક્રૂર હૃદયના હિંસક મંત્રીનું ત્યાં અખંડ સામ્રાજ્ય પ્રવર્તે છે. તેવી સ્થિતિમાં પતિવિરહી પ્રમદાનું શું થયું ? તેણે શું કર્યું ? ખરી હકીકત શી રીતે પ્રસિદ્ધિમાં આવી ? આ બધું જાણવાની આપણને જરૂર છે. એકને સંભારી બીજાને વિસારી મુકવું તે ઉચિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી. આપણે તો ગુણાવળી ને પ્રેમલાલચ્છી બંને સરખા છે. બંને ચંદરાજાની રાણીઓ છે. એક સદોષ છે–બીજી તો તદ્દન નિર્દોષ છે. એકે તો સંસારના સુખ-ભોગ દીઠેલા છે, બીજી તો તેની ઉમેદવાર છે. ત્યારે હવે આપણે તે તરફ વળીએ અને ચંદ રાજાના નીકળ્યા પછી પાછળ શું થયું તે જોઇએ. તે સાથે પ્રેમલા-લચ્છી નિર્દોષ છતાં સદોષ ન ઠરે તેની પણ તજવીજ કરીએ.

આ લઘુ પ્રકરણનું રહસ્ય અહીં સમાપ્ત થાય છે. હવે આપણે બીજી બાજુ ગમન કરીએ છીએ. વાંચકો હવે પછીના બારમા પ્રકરણમાં પ્રેમલાલચ્છીની સ્થિતિ જાણશે અને તે ઉપરથી સાર ગ્રહણ કરી ત્યાંપણ કર્મ સ્થિતિનેજ બળવાન્ માનશે. આટલું કહી હાલ તો વિરમવામાં આવે છે.

---

# पापस्थानक तेरमुं. (अभ्याख्यान)

**( અરણિક મુનિવર ચાલ્યા ગોચરી–એ દેશી. )**

પાપસ્થાનક તેરમું છાંડીએ, અભ્યાખ્યાન દુરંતોજી;
અછતાં આળ જે પરનાં ઉચ્ચરે, દુઃખ પામે તે અનંતોજી.
**ધન્ય ધન્ય તે નર જે જિનમતે રમે.** ૧
અછતે દોષેરે અભ્યાખ્યાન જે, કરે ન પૂરે હાણોજી;
તે તે દોષેરે તેને દુઃખ હોયે, એમ ભાખે જિનભાણોજી. **ધન્ય૦** ૨
જે બહુ મુખરીરે વળી ગુણ મચ્છરી, અભ્યાખ્યાની હોયજી;
પાતક લાગેરે અણકીધાં સહી, તે કીધું સવિ ખોયજી. **ધન્ય૦** ૩
મિથ્યામતિનીરે દશ સંજ્ઞા જિકે, અભ્યાખ્યાનના ભેદોજી;
ગુણ અવગુણનોરે જે કરે પાલટો, તે પામે બહુ ખેદોજી. **ધન્ય૦** ૪
પરને દોષ ન અછતા દીજીએ, પીજીએ જો જિનવાણીજી;
ઉપશમ રસશું રે ચિત્તમાં ભીંજીએ, કીજીએ **સુજસ** કમાણીજી. **ધન્ય૦** ૫

હે ભવ્યજનો ! અભ્યાખ્યાન નામનું તેરમું પાપસ્થાનક અવશ્ય તજવું; કેમકે તેનું પરિણામ બહુજ ખોટું આવે છે. જે જીવ અજ્ઞાન અને અવિવેકના જોરે પર ઉપર ખોટાં આળ ચડાવે છે, કોઇની જુઠી વાત બીજા પાસે પ્રકાશે છે તે પામર પ્રાણી સંસારમાં અનંતા દુઃખ પામે છે એમ સમજી આ હિતોપદેશ હૃદયે ધરી જે પ્રાણી શુદ્ધમતિને ધારણ કરે છે તેમને ખરેખરો ધન્યવાદ ઘટે છે. ૧.

જે પામર જનો સામામાં દોષ નહિં છતાં તેના ઉપર ખોટાં આળ ઓઢાડે છે તેને અસત્ય આળ દેવાથી અન્ય જન્મમાં તેવાં ખોટાં આળ પોતાનીજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપર આવી પડે છે એમ સર્વજ્ઞ ભગવાન કહે છે. એમ જાણીને તેવી બૂરી આદત તરત તજી દેવી ઘટે છે. ૨

આવી બૂરી ટેવ ઘણે ભાગે કેવા જીવોમાં હોય છે? તે શાસ્ત્રકાર પોતેજ કહે છે. જે બહુ બકવાદ કરનારા (બહુ બોલા—ચાવળા) હોય અને ઇર્ષા–અદેખાઈથી ભરેલા હોય તેમનામાં ઉપર બતાવેલી કુટેવ વધારે હોય છે. એવી કુટેવથી કંઈ કીધા કારવ્યા વગર (નાહક) નકામાં તેને બધાં પાપ લાગે છે અને પોતાનું કરેલું સઘળું સુકૃત ધૂળ મળે છે—અલેખે થઇ જાય છે. પરને આળ દેવાની ટેવ એટલી બધી બૂરી છે કે તેથી જીવને ફોગટ ચિકણાં પાપ લાગવાથી બહુ બહુ પીડાવું પડે છે. ૩

બીજા ઉપર નજીવું ખોટું કલંક ચડાવવું તે **આળ** કહેવાય છે અને જે મહા મોટું કલંક ચડાવવું તે **આલ** કહેવાય છે. એવીજ રીતે જીવને અજીવ કહેવો, અને અજીવને જીવ કહેવો; ધર્મને અધર્મ કહેવો અને અધર્મને ધર્મ કહેવો; એ વિગેરે મિથ્યામતિની દશ સંજ્ઞા કહી છે તે આ અભ્યાખ્યાનનાજ ભેદમાં આવી જાય છે. જે મૂઢ જનો ગુણ–ગુણીને ઓળખીને તેને અવગુણ નિર્ગુણની પંક્તિમાં મૂકવા નબળો પ્રયત્ન કરે છે તે પામર પ્રાણીઓ પોતાની ગંભીર ભૂલની ખાતર પાછળથી બહુજ પીડા પામે છે–તેનાં બહુજ કડવાં ફળ તેમનેજ ભોગવવાં પડે છે. **'હસતાં બાંધ્યાં કર્મ, તે રોતાં છૂટે નહિં'** એવો અનિષ્ટ બનાવ તેમને વધારે બને છે. ૪

આ પ્રકારની સાચે સાચી હકીકત દીલમાં વિચારીને હે ભવ્યાત્માઓ! તમે ભૂલે ચૂકે પણ કોઈ ઉપર જૂઠાં આળ ચઢાવશો નહિં. કેમકે એવાં અસત્ય આળ અન્ય ઉપર ચડાવવાથી બીજા જન્મમાં તમારી ઉપરજ એવાં અસત્ય આળ ચડશે ત્યારે તમને અતિ ઘણું વસમું લાગશે. એમ સમજીને પોતાનીજ મેળે પોતાનું અણહિત નહિ કરતાં કેવળ સ્વહિતાચરણમાંજ સાવધાન રહેજો. સમતા રસમાં ઝીલી રહેજો. સદ્‌ગુણી જનોને નીરખી દીલમાં સદાય પ્રમુદિત થજો. તેમના સદ્‌ગુણોની બને તેટલી પ્રશંસા કરીને તમારી જિહ્વાને પવિત્ર કરજો. એથી તમે પોતેજ અધિક સદ્‌ગુણી થશો. વળી તમને કોઈ નિર્ગુણી–દોષવંત પ્રાણી દૃષ્ટિએ પડે તો તેની ઉપર પણ ખેદ નહિ કરશો. તેમના દુર્ગુણ દૂર કરી શકાય એમ જણાય તો કરૂણા દૃષ્ટિથી તેમ કરવા શુભ પ્રયત્ન કરજો. એમ કરવાથી સામાનો ઉપગાર થશે અને તમને પણ મહા સુકૃતનો લાભ થશે. આપણાથી બની શકે તેટલો સ્વપર ઉપગાર કરવો–કરીલેવો. એજ આ ક્ષણભંગુર માનવદેહ પામ્યાનું મુખ્ય કર્તવ્ય સમજવાનું છે. જે ભાગ્યવંત જનો ઉક્ત હિત શિક્ષા અનુસારે સ્વપર હિત સમાચરે છે તે સ્વમાનવ ભવને સફળો કરે છે અને જે અજ્ઞાની જીવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિત શિખામણનો પણ અનાદર કરી કેવળ સ્વેચ્છાચારીપણેજ ચાલેછે તે બાપડા આ અમૂલ્ય સામગ્રીને ગુમાવી બેસી પુનઃ તેવી શુભ સામગ્રી કોટિ યત્ને પણ પામી શકતા નથી. માટે અત્યારે આ માનવ ભવમાંજ બની શકે તેટલી સુકૃત કમાણી કરી લેવા પુરતી ટેટ કરી લેવી ઠીક છે. જો તમે એમ કરશો તોજ ભવિષ્યમાં સુખી થઇ શકશો એમ શ્રીમાન્ કહે છે. ૫

મુ. ક. વિ.

**કિંચિત્ વિવેચન**–આ સઝાય બહુ નાની છે પણ તેમાં વિષય બહુ મોટો છે. પ્રાયે નવરા અને પારકી વાતો કરીને વખતને પૂરો કરનારા માણસો આ પાપસ્થાનકના ભોગ વધારે થઇ પડે છે. તેમજ જેઓ ઇર્ષ્યાળુ સ્વભાવવાળા હોય છે, તે કોઇની પ્રશંસા થતી હોય તે સહન ન થવાથી લોકોને શક પડે તેવી ભાષા વાપરી આ પાપસ્થાનકના ભોગ થાયછે. માત્ર તેઓ એવું બોલવાનીજ ટેવ વાપરે છે કે–" તમે કહ્યું તે તો ઠીક પણ તેની વાત બધી જાણ્યા જેવી છે. વધારે કહેવામાં માલ નથી." આટલું બોલી જે સ્ત્રી કે પુરૂષની ઉદારતાની કે શીલ સંતોષાદિ ગુણોની પ્રશંસા થતી હોય છે તેમાં ભંગ પાડે છે, શક ઉત્પન્ન કરે છે અને પોતે નિષ્કારણ આ પાપસ્થાનકના ભોક્તા થાય છે.

આ પાપસ્થાનકને જ્ઞાની મહા દુરંત એટલે જેનો દુઃખે અંત આવે–જેના પરિણામ બહુજ કડવાં ભોગવવાં પડે એવું કહે છે; તેમજ આ પાપસ્થાનક સેવનારા અનંતા દુઃખો પામે એમ કહે છે. આટલા વચન ઉપરથી ખ્યાલ કરવાની જરૂર છે કે જેથી અનંતા દુઃખ પ્રાપ્ત થાય તેવું પાપ શા માટે બાંધવું પડે?

આ પાપસ્થાનકના સંબંધમાં જ્ઞાની કહે છે કે–જેને અછતા દોષને અંગે કલંક આપવામાં આવે છે તેનું છેવટે તો અસત્ય જણાઈ આવે છે, તે હકીકત સાચી હરતીજ નથી; માત્ર તે મનુષ્યને અપકીર્ત્તિના અથવા દુઃખના ભાજન અમુક વખત સુધી થવું પડે છે. પરંતુ તેવું કલંક આપવાને પરિણામે તેજ જાતિનું કલંક અભ્યાખ્યાની મનુષ્યને અનેક ભવમાં પ્રાપ્ત થાય છે અને એકવાર આપેલા કલંકના બદલામાં અનેક ભવમાં તેવા કલંકથી પ્રાપ્ત થતા દુઃખ તેને ભોગવવાં પડે છે અને અપકીર્ત્તિના ભાજન થવું પડે છે. પ્રથમ બોલતાં તો સહજમાં બોલાઈ જવાય છે પરંતુ તેના અત્યંત કડવા વિપાક ભવોભવમાં ભોગવવા પડે છે ત્યારે સહન કરવાં પણ મુશ્કેલ થઇ પડે છે. માટે આ પાપથી દૂર રહેવું તેજ ઘટિત છે.

બીજી ગાથામાં કર્ત્તા આ પાપસ્થાનકના અધિકારીને ઓળખાવે છે. જેઓ બહુ વાચાળ હોય છે, દરેક વાતમાં માથું મારનારા હોય છે, 'જીભ સળી છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો જે તે પણ બોલવું' એમજ માની બેઠેલા છે તેઓ અને જે પોતે નિર્ગુણી છતાં પારકા ગુણોના મત્સરી-તેને સહન નહીં કરનારા હોય છે તેઓ આ પાપસ્થાનકના અધિકારી છે. અર્થાત્ તેઓજ આ પાપસ્થાનક વિશેષે બાંધે છે. પરંતુ તેને વગર કર્યો સર્વ જાતિનાં પાપ બંધાય છે. અને પોતે જે કાંઇ થોડું ઘણું સુકૃત કર્યું હોય છે તે સઘળું ખોઇ નાખે છે. અર્થાત્ પુંજી ખુવે છે. અને માથે પારાવાર ઋણ ઉત્પન્ન કરે છે. આવો એકાંત ખોટનો-નુકશાનીનો ધંધો કોણ સમજુ કરે?

આ પાપસ્થાનકમાં, મિથ્યાત્વના મૂળ ભેદ તરીકે દશ સંજ્ઞા કહેલી છે કે જે આગળ અઢારમા પાપસ્થાનકમા કહેવામાં આવનાર છે તેનો સર્વજ્ઞે સમાવેશ કરેલો છે. કારણ કે તેમાં એકનું બીજું કહેવારૂપ પલટન ભાવજ છે અને આમાં પણ ગુણને અવગુણના રૂપમાં પલટાવી દેવાનીજ વાત છે. તેથી એ દશે સંજ્ઞાનો આ પાપસ્થાનકમાં બરાબર સમાવેશ થઇ શકે છે. તે દશ સંજ્ઞા આ પ્રમાણે છે.

ધર્મને અધર્મ કહેવો, અધર્મને ધર્મ કહેવો; સન્માર્ગને ઉન્માર્ગ કહેવો, ઉન્માર્ગને સન્માર્ગ કહેવો; સાધુને અસાધુ કહેવો, અસાધુને સાધુ કહેવા; જીવને અજીવ કહેવો, અજીવને જીવ કહેવો; કર્મથી સર્વથા વિમુક્તને અમુક્ત કહેવા ને કર્મથી લીપ્તને મુક્ત કહેવા. આ દશ પ્રકારની જે વિપરિત પ્રરૂપણા તે દશ સંજ્ઞાના નામથી ઓળખાય છે. એ પ્રમાણે વિપરિત પ્રરૂપણા કરનાર ખરેખરી રીતે ગુણને અવગુણ તરીકે અને અવગુણને ગુણ તરીકે કહેનાર હોવાથી તે આ પાપસ્થાનકને ભજે છે. અને તે પ્રાણી પરિણામે બહુ ખેદ પામે છે, અર્થાત્ અનંત કાળપર્યંત સંસારમાં પરિભ્રમણ કરે છે એમ સર્વજ્ઞ ભગવંત કહે છે.

પ્રાંતે છેલ્લી ગાથામાં કર્તા કહે છે કે-જો તમે જિનવાણીનું પાન કર્યું હોય અર્થાત્ પરમાત્માની વાણી સાંભળી હોય અને તે હૃદયમાં સત્ય લાગી હોય તો ભૂલે ચુકયે કોઇને અછતું આળ આપશો નહીં અને અંતઃકરણને ઉપશમ રસથી એકરૂપ કરી નાખજો, કે જેથી તમને સુયશની અર્થાત્ પરમાત્મપદની પ્રાપ્તિ થશે. આ ગાથાના છેલ્લા પદમાં કર્ત્તાએ પોતાનું **યશોવિજય** નામ પણ સૂચવ્યું છે.

આ સઝાયનો ભાવાર્થ વારંવાર મનન કરવા યોગ્ય છે. જો આ પાપસ્થાનકના માઠાં પરિણામ જાણી હૃદયમાં ભય લાગે તો પ્રથમ બોલવાની ટેવ ઓછી કરી નાખજો. જેમ ઓછું બોલશો તેમ આ પાપસ્થાનક ઓછું બંધાશે. એમ કરતાં કરતાં ક્રમે ક્રમે તદ્દન આ પાપથી દૂર થઇ શકશો. તે શિવાય બીજો આ પાપથી દૂર થવાનો પ્રબળ ઉપાય નથી, આજ પરમ ઔષધ છે અને તે પરમાત્માએ પ્રકાશેલું છે તેથી તેનો આદર કરજો. ઇત્યલમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# एक उत्तम कारखानुं.

જો તમારે સર્વ જાતિના યાંત્રિક સંચાઓથી ભરેલું એક બહુ મોટું વિશાળ કારખાનું હોય, તમારાં હાથ નીચે સેંકડો મનુષ્યો તે કારખાનામાં કામ કરતા હોય, તમે તે કારખાનાના માલીક હો, તે કારખાનાની ઉન્નતિ કરવાનો સર્વ અધિકાર સંપૂર્ણાંશે તમારી સત્તામાં હોય; તો તમે તમારા હાથ નીચે કામ કરતા તે કારખાનાના માણસોને તેમની ઇચ્છાનુસાર ગમે તે કામ કરવાની રજા આપશો? તેમનું ધ્યાન પહોંચે તેવી રીતે આખા દિવસમાં જે કાંઇ કરવું હોય તે કરવાની શું તમે તે માણસોને રજા આપશો? તેના સંચાઓને જેમ ગમે તેમ ફેરવવાની, તેમાંથી તે માણસોની ઇચ્છામાં આવે તેવો માલ બનાવવાની તમે રજા આપશો ખરા? ખરેખર તમે તેવું નહિજ કરો. તમે તે માણસોને તેમની યોગ્યતાનુસાર જુદા જુદા કાર્યો ઉપર નીમશો, જુદાં જુદાં કાર્યો પ્રત્યેકને ભળાવશો, તમે તેઓની પાસે જુદી જુદી જાતના નવીન નવીન લાભદાયી નમુનાઓ તૈયાર કરાવશો, અને સંચાઓમાંથી તમને જેમાંથી વધારે નફો થાય, કારખાનાની આબરૂ વધે તેવો માલ કઢાવશો. વળી તે મજુરોને શું શું કામો કરવાં? સંચા કેવી રીતે ચલાવવા? તે સંબંધી વારંવાર નવી નવી સૂચનાઓ આપ્યાજ કરશો, અને તમારી તે સૂચનાઓ પ્રમાણે વર્તવામાં આવે છે કે નહિ? સંપૂર્ણાંશે તેનો અમલ થાય છે કે નહિ? તે બાબત પૂરા ધ્યાનથી-કાળજીથી તપાસ રાખશો, અને જો કોઇ પણ તેમાં ભૂલ કરતું માલુમ પડશે તો તેને યોગ્ય શિક્ષા પણ કરશો. આથી વિરૂદ્ધ વર્તન કરવું, માણસો ઉપર ધ્યાન ન આપવું, તેમને તેમની ઇચ્છાનુસાર વર્તવા દેવા, સંચાઓનો ઉપયોગ ગમે તેમ થવા દેવો વિગેરે વિરોધી કૃત્યો થવા દેવાથી તો ઉલટી કારખાનાની પાયમાલી થશે, અને તમે તેના માલિક હોવા છતાં એક જાતની મૂર્ખાઇજ કરી કહેવાશે. આ બાબતમાં આપણે સર્વ સંમત થશું, પણ સ્પષ્ટ વિચાર કરતાં આપણને જણાશે કે આપણે હમેશાં આનાથી વિરૂદ્ધ-કુદરતના ચાલુ નિયમોથી વિરૂદ્ધ વર્તન કર્યા કરીએ છીએ, અને એવી જાતની **મૂર્ખતા** સ્પષ્ટ દર્શાવીએ છીએ. ખરેખરી નવાઈ તો તેજ છે કે આવી મૂર્ખતા હમેશા આચરતાં છતાં આપણે તે વાતથી અજ્ઞાત રહીએ છીએ; અને છેવટે આપણું કારખાનું તદન ભાંગી પડવાની સ્થિતિ ઉપર આવે ત્યારેજ ચેતીએ છીએ, પણ પછી તે સ્થિતિ સુધારવી બહુ મુશ્કેલ પડે છે, અને કોઇ કોઇ વખત કારખાનું તદ્દન ભાંગી પડે છે. વાંચનાર બંધુ! આવા એક કારખાનાનો તું પણ માલેક છે. તું તે કારખાનાનો યોગ્ય ઉપયોગ કરે છે કે નહિ તે તારે વિચારવાનું છે. તે કારખાનું કયું? તે વિચારમાં જો તું મગ્ન થયો હો તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સૃષ્ટિમાં મનુષ્યનું મન તે એક મોટું કારખાનું છે. તેની અંદર અનેક જાતના યંત્રો ગોઠવવામાં આવ્યા છે, અને તે સંચાઓનો ઉપયોગ કરવા માટે અનેક જાતની શક્તિઓ અંદર ગોઠવવામાં આવી છે. આ શક્તિને યોગ્ય રસ્તે દોરવવા માટે તેના માલેક તરીકેની સત્તા દરેક મનુષ્યને–આત્માને આપવામાં આવી છે. તે કારખાનું યોગ્ય રસ્તે ચલાવવું, કે આડે રસ્તે ઉતરી જઇ તે કારખાનામાં ખોટ ખાવી તે તેના માલેકની સત્તાની વાત છે. તે શક્તિઓનો યોગ્ય ઉપયોગ કરવા માટે તેની આગળ ઉચ્ચતમ વર્તણુક અને બુદ્ધિ વિગેરેના નમુનાઓ એકઠા કરવામાં આવે છે. તેમાંથી જેવા નમુના ગ્રહણ કરી તમે તમારા કારખાનામાં ઉપયોગ કરાવા ઇચ્છશો, તેવા નમુનાઓ તમને મળી શકશે, અને તદનુસાર માનસિક સંચાઓ કાર્ય કરશે. માલેક તેના ઉપર પૂર્ણ દેખરેખ રાખે, તો તે શક્તિઓ જેવું જોઇએ તેવું કાર્ય કરી આપવા અવશ્ય સમર્થજ છે. જેમ જેમ તે શક્તિનો વધારે સદુપયોગ કરશો, જેમ જેમ તે શક્તિઓને સુમાર્ગે દોરશો, તેમ તેમ તે શક્તિઓ વધારે ચળકશે, વધારે ઉપયોગી નીવડશે, અને વધારે લાભપ્રદ થઇ પડશે. પણ તમે તે કારખાનું કેવી રીતે ચલાવો છો, અને ત્યાંના નવા નવા માણસો (વિચારો) સાથે કેવી રીતે કામ લેવા ધારણા કરો છો તે ઉપર તેની વૃદ્ધિનો–તમારી વૃદ્ધિનો આધાર રહેશે. તમે તેને જો તેમની ઇચ્છામાં આવે તેમ વર્તવા દેશો, તે શક્તિઓને જેમ દોડવા ઇચ્છા થાય તેમ દોડવા દેશો તો તમારૂં કારખાનું વિજયી નહિજ નીવડે. તેને માટે સદ્વિચારોરૂપી ઉત્તમોત્તમ નમુનાઓ જો તમે તેની પાસે મુકશો અને સુવિચારોનો યોગ તેમને કરાવશો તો જેવા વિચારો તમે નમુનારૂપે મુકશો તેવાંજ કાર્યો–તેવોજ માલ તમારા માનસિક કારખાનામાંથી નીકળશે, અને તે તમને ઉપયોગી નીવડશે, લોકોને પણ તમારો તે સુકાર્યોરૂપી માલ જો વધારે ઉત્તમ લાગશે, તો તેની ખરીદી વિશેષ વિશેષ નીકળવાથી પ્રાંતે તે તમને અવશ્ય બહુ ઉત્તમ ફળદાયી નીવડશે, તમને લાભ થશે, લોકોને સારો માલ મળશે, અને ઉભયને લાભ થશે. સુવિચારોરૂપી ઉત્તમ નમુના માનસિક કારખાનાના સંચાઓ માટે વાપરવાથી આવો ઉત્તમ લાભ સર્વને મળતો હોવાથી અવશ્ય તમારા કારખાના માટે તેવાજ નમુનાઓ તમે લેશો, અને તેવોજ ઉત્તમ માલ કઢાવવા તમે પ્રયત્ન સેવશો, જેથી અવશ્ય તમે વિજયી નીવડશો.

જગતના મનુષ્યોમાં ઘણે અંશે સ્વાર્થ વિશેષ દૃષ્ટિગોચર થાય છે. ઘણા મનુષ્યોની પ્રવૃત્તિ તો સ્વાર્થમય જ હોય છે. પોતાનો સ્વાર્થ સરતો હોય તો અન્યને નુકશાન થતું હોય તેનો ખ્યાલ પણ લાવતા નથી. પણ જ્યારે પોતાના સ્વાર્થ સરવા સાથે અન્યને પણ તેનાથી ફાયદા થતો હોય, ત્યારે તો દરેક વ્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કિ તેવું કાર્ય સત્વરજ તૈયાર થઇ જાય છે. તેમ સુવિચારોરૂપી ઉત્તમ નમુનાઓ તમા સિક કારખાનામાં ઉપયોગમાં લેવા માંડશો તો તેનાથી ઉપર સૂચવ્યો વડો લાભ થવા સંભવ છે. તમને તે નમુના પ્રમાણે સારો માલ ની બહુ લાભ થશે, તમારા કારખાનાની ખ્યાતી વધશે, અને અન્ય લોકોને ત્તમ માલ મળવાથી તેમને પણ બહુ લાભ થશે. સદ્ વિચારો સેવવ વો ઉત્તમ લાભ મળે છે માટે દરેક બંધુએ પોતાના માનસિક કારખ તેવા ઉત્તમ નમુનાઓ પસંદ કરવાનું કદી પણ ચુકવું નહિ.

આથી ઉ જો તમે દુષ્ટ વિચારો સેવશો, તેવા હલકા નમુના તમે તમારા કારખાના માટે કરશો, તો જેવા નમુના તેવોજ માલ નીકળશે, તમારા કારખાનાની પાયમાલી થશે, તમે મોટી ખોટમાં આવી પડશો, તમારો માલ વેચાતો છેવટે બંધ થશે, અને એક પણ ખરી કસોટીમાંથી તમે પસાર થઇ શકશો નહિ. આવી જાતનો માલ કઢાવનાર માલેક ખરેખર મૂર્ખજ ગણાશે, તેની મૂર્ખાઇનું પરિણામ તેને પ્રાંતે સહન કરવુંજ પડશે, અને તેનું કારખાનું છેવટ નાશપ્રાય થઇ જશે.

તમે તમ માનસિક કારખાનાઓ માટે પ્રથમથીજ ઉત્તમ નમુનાઓ તૈયાર કરી રા . એટલે તેનું યાંત્રિક બળ પણ તે નમુનાઓ પ્રમાણેજ કામ કરવા માંડશે, તમે વધારે ને વધારે ફતેહમંદ નીવડશો. જો તમે તે શક્તિઓ માટે એવા સુ નમુનાઓ શોધી નહિ રાખો, સુવિચારોનું આસેવન કરતાં નહિ શીખો, તમારે પસ્તાવુંજ પડશે, અને જેવા માલની અપેક્ષા રાખતા હશો ત માલ તમને બીલકુલ મળશેજ નહિ. આપણામાં એક સામાન્ય કહેવત છે કે " નકલમાં **અકલની જરૂર નથી** " તે આપણા માનસિક કારખાના માટે વિચારવા જેવી છે. જેવી જાતની નકલ તમે તેની પાસે ધરશો, જે શ્રે તમે વિચરશો, જેવી સોબત તમે કરશો, તે જાતની નકલ તમારી શક્તિ જ કરશે, તેમાં અકલની–તર્કની જરૂર રહેશે નહિ. માટે જેવી સ્થિતિ મ કરવી હોય તેવા વિચારો સેવજો. માનસિક કારખાના આગળ તો જે નમુના–આદર્શ મુકવામાં આવશે તદનુસાર તેનું છાપાખાનું તરતજ તે પ્રમ તૈયાર કરશે, અને તેવીજ જાતનો ( quality ) માલ નીકળશે. પછી મુના ફેરવવા બહુ મુશ્કેલ પડશે, અને જેવી રીતે કારખાનામાં બને છે મે પણ નાહક ખર્ચમાં–માનસિક શક્તિના વ્યયમાં ઉતરી પડશો. આ બધું શો, વિચાર કરી જોતાં સત્વરજ સુવિચારોરૂપી નમુનાઓ માટે તમારૂં ન , લાગણી ઉશ્કેરાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી તમારા વિચારો જેમ વધારે મૃદુ, જેમ વધારે માયાળુ હશે, તેમ તમને તમારા કારખાનાના વિજય માટે વિશેષ વિશેષ નિશ્ચિંતતા થશે. તે બાબતમાં એક લેખક કહે છે કે–" આપણા વિચારો મૃદુ અને માયાળુ છે કે કેમ ? એ જોતાં જવું તેપણ સૌથી અગત્યની બાબત છે. આપણા વિચારો હમેશાં મૃદુતાથી ભરપૂર હોવા જોઇએ, કારણકે જ્યારે બીજાની ભૂલને લઇને તેને માટે આપણે ખરાબ વિચાર કરીએ, ત્યારે તે વિચારો તેને બહુ નુકશાન કરે છે, તેમજ તેના તેવા દોષો આપણને પણ બહુ નુકશાન કરે છે." માટેજ આપણે અન્યની ભૂલો–દોષો–વિગેરે તરફ જરાપણ દૃષ્ટિ કરવાની જરૂર નથી. તેવા વિચારોના નમુના આપણા કારખાનાને નુકશાનકર્તા હોવાથી સર્વદા વર્જ્ય-જ છે. તે વિચારો આપણને તેમજ તેને બંનેને નુકશાનકર્તા હોવાથી સદં-તર દૂર રાખવા જેવાજ છે. માનસિક કારખાના માટે તો સૃષ્ટિમાં માલુમ પડતા સુંદરમાં સુંદર બનાવો, સુંદર પ્રતિમાઓ, સુંદર આદર્શો, સુંદર વિચારો, સુંદર કલ્પ-નાઓ, સુંદર ચારિત્રોના નમુનાઓજ પસંદ કરો. તેવી સર્વોત્તમ વસ્તુઓની પસંદગીથી તમારૂં કારખાનું અવશ્ય વિજયી નીવડશે.

ઘણી વખત કાંઇપણ કલ્પનાશક્તિનો ઉપયોગ કર્યા સિવાય જે કાંઇ વિચારો આપણે સાંભળીએ, જે બનાવો દેખીએ, જે વર્તન અનુભવીએ, તેને અજ્ઞાનતાથી આપણા માનસિક કારખાનામાં આપણે દાખલ કરી દઇએ છીએ. નિંદા–કલેશ– ઇર્ષા વિગેરે આપણાં કારખાના માટે ચાલુ નમુનારૂપે આપણે ગ્રહણ કરીએ છીએ, અને તેવીજ પસંદગીને ઉત્તમ માની લઈ તદનુસાર માલ પણ બનાવવા માંડીએ છીએ–તેવું વર્તન કરીએ છીએ. પછી દુષ્ટ નમુનાનું પરિ-ણામ ખરાબ આવે ત્યારે વિમાસવા બેસીએ છીએ; પરંતુ તેમ નહિ કરતાં પ્રથ-મથીજ વિચારીને નમુના પસંદ કરવા તે ખાસ જરૂરનું છે.

વાંચનાર બંધુ ! માનસિક કારખાના માટે યોગ્ય નમુનાઓ પસંદ કરવાની મારી આ સલાહ માનવી કે નહિ તે તારી મરજી ઉપર છે. જો જીવનની મધુ-રતાનું આસ્વાદન કરવાનો વિચાર થતો હોય, શાંત–સુખી–ઉચ્ચ જીવન ગાળવાનો–પ્રાપ્ત કરવાનો વિચાર થતો હોય, મનને સુમાર્ગે પ્રેરવાથી થતો આનંદ અનુભવવાની આકાંક્ષા થતી હોય, તો ઉપરના વિચારોના વાંચન પછી તને પ્રાપ્ત થયેલા કારખાના માટે સુંદર વિચારો સેવજે, સુચારિત્રોનું શ્રવણ કરી તદનુસાર વર્તવા પ્રયત્ન કરજે, સદ્‌વર્તનવડે તારૂં શરીર શોભાવજે, એક આત્માના માનસિક કારખાનાની ઉન્નતિ પણ અનેક માનસિક કારખાનાઓને ઉન્નત કરી શકે છે અને તેના નમુના ઘણે ઠેકાણે આદરણીય બને છે, એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજી તેવું ઉન્નત જીવન પ્રાપ્ત કરવા તું અહર્નિશ વિચાર રાખજે અને તેને માટે પ્રયત્ન સેવજે, જેથી તે ઉચ્ચ વિચારોના પરિણામે તારા માનસિક કારખાનાનો અવશ્ય વિજયજ થશે અને તને તેના સુમધુર ફળ ચાખવાનો અને તારા શુદ્ધ વાતાવરણથી તારા પરિચિત-અપરિચિત સ્વજન વર્ગને પણ તે ફળોની સુંદર મીઠાશ આસ્વાદવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.'[1]

કાપડીયા નેમચંદ ગીરધરલાલ.

# इटालीना जैनधर्मना पुस्तकोना अभ्यासी प्रोफेसर स्वालीनो जैनो प्रत्येनो पत्र अने जैनोनी फरज.

ઇટાલીથી જૈન ગ્રંથોના અભ્યાસી પ્રોફેસર એલ. સ્વાલીનો પત્ર અમદાવાદના એક જૈનગ્રહસ્થ ઉપર આવેલો છે, તે જૈન પુસ્તક પ્રકાશ કરનારા ખાતાં, સભાઓ તથા ખાનગી ગ્રહસ્થોને પોતાના પુસ્તકોની યુરોપ તથા અમેરિકામાં વિના મૂલ્યે જાહેરાત થાય તથા આવા ખાતાની ઉત્પત્તિ સ્થિતિ તથા ઉદયનું જૈન ગ્રંથોના અભ્યાસી યુરોપના વિદ્વાનોને ભાન થાય તથા ખબર પડે અને તેથી જૈન શાસ્ત્રનો અભ્યાસ ત્યાં વધારે થાય એવા હેતુવાળો હોવાથી તે પત્ર પ્રગટ કરીને તેવાં ખાતાં, સભાઓ તથા ખાનગી ગ્રહસ્થો તથા મુનિ મહારાજાઓનું તે તરફ અમે લક્ષ ખેંચીએ છીએ અને તે પત્રના ઉપયોગી ભાગનો ગુજરાતી ઉતારો આ નીચે આપીએ છીએ.

" પેવીઆ. તા. ૧૨ મી અગસ્ટ સને ૧૯૧૩.

" સાહેબ !

જૈન એસોસીએશનો તથા તેઓ તરફથી પ્રગટ થયેલા પુસ્તકો સંબંધી એક વિગતવાર હેવાલ પ્રગટ કરવાનો મારો વિચાર મેં તમને કેટલાક વરસ ઉપર પત્રદ્વારા દર્શાવ્યો હતો. તેમ કરવામાં મારા બે હેતુ હતા. એક આવા તમામ ખાતાના બંધારણ, હેતુ તથા તેઓએ કરેલા કામોનો સ્પષ્ટ અને સંપૂર્ણ હેવાલ આપવાનો અને બીજો તેઓએ પ્રગટ કરેલા તમામ ગ્રંથોની

1 Efficiency નામક પત્ર ઉપરથી અવતરણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લંબાણથી હકીકત આપવાનો હતો. પહેલા હેતુ માટે આવા ખાતાં તથા ગ્રહસ્થો સંબંધી જોઈતી તમામ હકીકત મને મળી શકતી નથી તેમ મને કોઇ પૂરી પાડતા નથી. બીજા હેતુ માટે મને જોઇતા પુસ્તકો મળેલા નથી. મને જૈનધર્મ પ્રસારક સભા તરફથી છાપેલા જુજ પુસ્તકો, રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળાના પહેલા ત્રણ અંક અને યશોવિજયજી જૈનગ્રંથમાળાનો પહેલો અંક આટલાજ પુસ્તકો અને તે પણ તમારીજ તરફથી મળેલા છે. પણ આટલું સાધન મેં પ્રસિદ્ધ કરવા ધારેલો પદ્ધતિસરનો તથા સંપૂર્ણ વિગતવાળો રીપોર્ટ પ્રસિદ્ધ કરવાને પૂરતું નહોતું તેથી ગયા વરસના જાન્યુઆરી મહિનામાં ફક્ત યશોવિજયજી જૈનગ્રંથમાળા માટેની સવિસ્તર હકીકત લખવા મેં નક્કી કર્યું; તેટલામાં તેના પ્રસિદ્ધકર્ત્તા તરફથી એકદમ ચોવીશમા અંક પછીના અંકો મને મળતા બંધ થયા તેથી એટલી એક ખાતાની હકીકત પણ મારાથી પ્રગટ થઇ શકે તેમ રહ્યું નથી.

જૈનધર્મના પુસ્તકો સંબંધી જે જાતની હકીકત હું લખવા માગું છું તે તમારી સમજમાં આવે તે માટે બંગાળ એશીઆટીક સોસાઇટી તરફથી પ્રગટ થયેલા તમામ પુસ્તકોની સવિસ્તર હકીકતવાળું એક પુસ્તક મોકલું છું તે ઉપરથી તમે જોશો કે તે ઘણા ગ્રંથોની હકીકતનો ભંડાર છે. તેટલા માટે જેમ મારી ખાત્રી છે તેમ તમને લાગે કે યુરોપના વિદ્વાનોમાં જૈન પુસ્તકોનો પ્રસાર કરવો અને તે પુસ્તકો તેઓની જાણમાં લાવવા તે જૈનો માટે લાભકારક છે, તો આજ સુધી પ્રસિદ્ધ થયેલા જૈનગ્રંથો મને મોકલવાનું સાધન તમે શોધી કહાડશો. મારી જાણ પ્રમાણે મારે યશોવિજય જૈનગ્રંથમાળાના ૨૫ થી બાકીના અંકો, હીરાલાલ હંસરાજના અધિપતિપણા નીચે જામનગરમાં પ્રસિદ્ધ થયેલા તમામ ગ્રંથો, દેવચંદ લાલભાઇ તરફથી પ્રસિદ્ધ થયેલા ગ્રંથો, જૈનો તથા જૈનસભાઓ તરફથી ભાવનગર, કાશી, પાલીતાણા વિગેરે જગોએ પ્રસિદ્ધ થયેલા ગ્રંથો જોઇએ. શ્વેતાંબર અને દિગંબર જૈનો તરફથી પ્રસિદ્ધ થયેલા ગ્રંથો પૈકી ઘણા ગ્રંથોવિષે યુરોપમાં કોઇ જાણતું નથી. કારણ કે આવા ગ્રંથો પ્રસિદ્ધ થયાની હકીકત કોઇ બોલતું નથી અને હિંદુસ્થાનના જૈનો આવા ગ્રંથો પ્રસિદ્ધ થયાની હકીકતને યુરોપમાં જાહેરાત આપતા નથી. આ હકીકત જૈનો માટે તથા યુરોપના વિદ્વાનો માટે ખેદકારક છે. દાખલા તરીકે મેં જ્યારે " હીંદુસ્થાનની ફીલોસોફી (તત્ત્વજ્ઞાન) ના અભ્યાસ માટેની સૂચનાઓ " ( જેમાં જૈનતત્ત્વજ્ઞાન સંબંધી પણ ઉલ્લેખ છે ) નામનું ઇટાલીઅન ભાષામાં થોડા વખત પહેલાં પુસ્તક પ્રસિદ્ધ કર્યું ત્યારે જો જૈનતત્ત્વજ્ઞાનના જે પુસ્તકો અપ્રસિદ્ધ છે એમ હું જાણતો હતો, પણ જે પુસ્તકો કાશી અથવા મુંબઇમાં જૈનો તરફથી પ્રસિદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થયા છે એમ મને પાછળથી માલમ પડ્યું તે પુસ્તકો જો મારી પાસે હોત તો ઉપરના મારા પુસ્તકમાં જૈનતત્ત્વજ્ઞાનનો વિષય લખવામાં મને ઘણી મદદ મળત. આ પ્રમાણે શાંતિરક્ષિત અને રમલશીલ ગ્રંથો માટે બન્યું પણ તે ગ્રંથો પોતે હિંદુસ્થાનમાં જોયાની તથા તે ગ્રંથો કાશીમાં વિજયધર્મસૂરિ તરફથી પોતાને ભેટ મળ્યાની હકીકત મારા મિત્ર પ્રોફેસર શરબટ કોર્ઇએ પાછળથી મને લખેલી. એક માણસ ફક્ત એક પુસ્તક જોવાને માટેજ હિંદુસ્થાન જાય તેવી આશા રાખવી ફોકટ છે અને તેવું બની શકે નહી; અને તેવા પુસ્તકો સંબંધી યુરોપમાં જાહેર કરવામાં ન આવે તો એમજ મનાય કે તેવા પુસ્તકો હયાતીમાંજ નથી.

મારો વિચાર યુરોપના ઘણા વિદ્વાનોની જાણમાં લાવવાને માટે જૈનોના સંસ્કૃત, પ્રાકૃત તથા કેટલેક અંશે ગુજરાતી પુસ્તકોની વિગતવાર ટીકા તથા સૂચનાઓ સહીત સવિસ્તર હકીકત કટકે કટકે બહાર પાડવાનો છે. (ગુજરાતી ગ્રંથો મુખ્યત્વે કરીને વ્યાકરણ તથા કોષના જોઇએ. દાખલા તરીકે કારભારીનો ગુજરાતી ઇંગ્રેજી કોષ જેનું નામજ હું ફક્ત જાણું છું.)

આ મારા રીપોર્ટ પ્રસિદ્ધ કરવાની મેં "લે મુસીઅન" નામના બેલજીઅન માસિક પત્રના અધિપતિ સાથે ગોઠવણ કરી છે અને તે અધિપતિએ ઘણી ખુશીથી તેમ કરવા સ્વીકાર્યું છે.

(સહી) પ્રોફેસર **એલ. સ્વાલી.**

ઉપરના પ્રોફેસર સ્વાલીના પત્રથી માલમ પડશે કે જૈનધર્મના પુસ્તકોનો યુરોપમાં ફેલાવો કરવાની જરૂર છે અને તે તેમના પ્રયાસથી વિના ખર્ચે થઇ શકે તેમ છે. તેથી દરેક સભા, ગ્રહસ્થ તથા ધર્માદાખાતાના વહીવટદાર સાહેબોને વિનંતિ કરીએ છીએ કે તેઓએ પોતે પ્રસિદ્ધ કરેલા સંસ્કૃત પ્રાકૃત તથા ગુજરાતી ગ્રંથની એકેકી નકલ પ્રોફેસર સ્વાલીને ભેટ તરીકે મોકલવી. આમ કરવામાં સ્વાર્થ તથા પરમાર્થ બંને છે. વાંચનારની જાણ માટે જણાવવાની રજા લઇએ છીએ કે પ્રોફેસર સ્વાલી સંસ્કૃત, પ્રાકૃત તથા ગુજરાતી ત્રણે ભાષાઓ જાણે છે. તેઓ તવંગર નથી કે આ તમામ પુસ્તકો તેઓ ખરીદી શકે માટેજ અમો ભેટ મોકલવાની સૂચના કરીએ છીએ. તેઓ હાલમાં પ્રાકૃત સંસ્કૃત કોષ લખે છે અને તેમાં તેઓ જૈન આગમોમાં આવતા તમામ પ્રાકૃત શબ્દોના સંસ્કૃત તથા ઇંગ્રેજી પર્યાય આપવાના છે. તેઓએ ઘણા સંસ્કૃત ગ્રંથો બહાર પાડ્યા છે. અમદાવાદના એક જૈન ગ્રહસ્થ તેઓ પાસે આગમો મૂળ તૈયાર કરાવી એક પછી એક પ્રસિદ્ધિમાં લાવવા ઇચ્છે છે. જૈન ધર્મ ઉપર ઇંટાલીઅન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંગ્રેજી તથા જર્મન ભાષામાં તેઓએ ઘણું લખ્યું છે. આવા એક વિદ્વાનને પુસ્તકો ભેટ આપવા તે બહુ મોટી વાત નથી. તેઓનું શિરનામું નીચે મુજબછે.

Professor Doctor L. Suali,

PAVIA (ITALY)

*Piazza Castello 14.*

**પ્રોફેસર ડોકટર એલ. સ્વાલી,**

પેવીઆ ( ઈટાલી )

**પીઆઝા કાટેલો ૧૪.**

ઉપરના શિરનામે દરેક પુસ્તક પ્રસિદ્ધીખાતું તથા પુસ્તક પ્રસિદ્ધ કરનાર ગ્રહસ્થો પોતાના ખાતાની ઉત્પત્તિ સ્થિતિની હકીકત, પોતે પ્રસિદ્ધ કરેલા ગ્રંથોની હકીકતનું પત્રક તથા સંસ્કૃત, માગધી તથા ગુજરાતી દરેક ગ્રંથની એકેકી નકલ ભેટ તરીકે એક પત્ર સાથે મોકલવા તસ્દી લેશે અને તેમ કર્યા બદલની અમોને ખબર આપશે એવી આશા રાખીએ છીએ.

## આબુજીના દેરાસરમાં બુટ પહેરીને ન જવા સંબંધી

# સરકારનો ઠરાવ.

( True Copy )

# OFFICE OF THE MAGISTRATE OF ABU.

NO. 2591 G. OF 1913.

*From*

CAPTAIN W. G. NEALE I. A.,

MAGISTRATE OF ABU.

*To*

*The General Secretaries,*

*Shri Jain Swetambar Conference*

*Pydhonie. BOMBAY.*

*Dated Mount Abu. the 10th October, 1913.*

DEAR SIR.

Please refer to the correspondence ending with my No. 2237. dated the 1st September, 1913. regarding of boots and shoes by visitors to the Dilwara Temples Mount Abu

I am now to imform you that the Government of India are of opinion that visitors to the temples should remove their

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



leather boots or shoes on entering as desired by the temple authorities, who should now be instructed in that sense and directed to provide for visitors a sufficient number of felt of canvas shoes to meet with ordinary requirements.

This concession now granted by the Government of India applies soley to Dilwara Temples and in no way effects the usage regarding footwear prevalent in Jain or Hindu Temples in other parts of India.

Yours faithfully,

( *Sd.* ) **W. G. Neale Captain I. A.**

*Magistrate of* ABU.

**આબુના માજીસ્ટ્રેટની ઓફીસ. ૧૯૧૩ ના નં. ૨૫૯૧ જી.**

**કેપ્ટન. ડબલ્યુ. જી. નીલ. I. A. આબુના માજીસ્ટ્રેટ તરફથી.**

માઉન્ટ આબુ. તા. ૧૦ ઓકટોબર ૧૯૧૩.

**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના જનરલ સેક્રેટરીઓ.**

પાયધુની, મુંબઇ.

**વહાલા સાહેબ.**

માઉન્ટ આબુ ઉપરના દેલવાડાના દહેરાની મુલાકાત લેનારાઓએ બુટ અગર જોડા પહેરવા સંબંધીના તા. ૧ સપ્ટેમ્બર. ૧૯૧૩ ના નં. ૨૨૩૭ ના મારા પત્ર વ્યવહાર સાથે આ પત્રનો સંબંધ છે.

મારે તમને જણાવવાનું છે કે ઇન્ડીઆ ગવર્નમેન્ટ તેવા મતની છે કે જેવી રીતે દહેરાના સત્તાવાળાઓની ઇચ્છા છે તદનુસાર દહેરામાં પેસતી વખતે ત્યાંની મુલાકાત લેનારાઓએ તેમના ચામડાના બુટ અગર જોડા બહાર ઉતારવા, અને દહેરાના માલેકોએ જોઇતી જરૂરીઆત પૂરી પડે તેટલી સંખ્યામાં કેનવાસના મોજાં ત્યાં તૈયાર રાખવા. તેવી અમે તેમને સૂચના કરીએ છીએ.

ગવર્નમેન્ટ ઓફ ઇન્ડીયાનો આ ઠરાવ ફક્ત દેલવાડાના દહેરા માટેનોજ છે, અને હિંદુસ્તાનના બીજા કોઇ પણ ભાગમાંના જૈન અગર અન્ય હિંદુ દહેરાઓ માટેના પ્રચલિત જોડા પહેરવાના રીવાજને કોઇ જાતની અસર કરનાર નથી.

તમારો વિશ્વાસુ.

**(સહી) ડબલ્યુ. જી. નીલ. કેપ્ટન આઇ. એ.**

**આબુના માજીસ્ટ્રેટ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવીન સમાચાર.

## જુનાગઢમાં નીકળેલા પ્રતિમાજી.

ગયા આસો શુદિ ૭ મે, જુનાગઢ સ્ટેટની હોસ્પીટલનું જુનું મકાન પાડી નાખી નવું મકાન બાંધવાની શરૂઆતમાં એક બાજુનો પાયો ખોદતાં શ્રી નેમિનાથજીના સુમારે અઢી ફુટ ઉંચા બિંબ નીકળ્યા છે. સ્ટેટ તરફથી શ્રાવકવર્ગને સોંપવામાં આવ્યા છે. અને તે ત્યાંથી લવીને શહેરની અંદરના મોટા ચૈત્યના રંગમંડપમાં પ્રાહુણા દાખલ પધરાવવામાં આવેલા છે.

આવા બિંબ અણધારી જગ્યાએથી નીકળે છે તેનું અને કેટલીક વખત જે જમીન વારંવાર જોવામાં આવી હોય ને દેખાયેલ ન હોય છતાં ત્યાંથી સહજ જમીન ખોદતાં નીકળે છે તેનું મૂળ કારણ એ છે કે—અગાઉના વખતમાં કાળના ફેરફારથી, ગામ કે શહેર વસ્તી વિનાના થઇ જવાથી, દેરાસર વિગેરે પડીને જમીનદોસ્ત થઇ જવાથી, જમીનમાં થતા ફેરફારથી, મુસલમાની રાજ્ય વિગેરેના જુલમને લઇને સંખ્યાબંધ પ્રતિમાઓને ભૂમિમાં ભંડારી દીધેલ હોવાથી એવી સંખ્યાબંધ પ્રતિમાઓ જમીનમાં ના રહેલીજ છે. હવે કોઇ જગ્યાએ જમીન ધોવાઇ જવાથી, કોઇ જગ્યાએ જમીન ઉંચી આવી જવાથી અથવા કોઇ બિંબના અધિષ્ઠાયક દેવની ઇચ્છા તે બિંબને બહાર કાઢીને સ્થાપિત કરવાની થવાથી એવા બિંબ ઉંચા આવે છે અને કેટલાક સ્વપ્ન આપીને અથવા કેટલાક અકસ્માત્ બહાર નીકળી આવે છે. આવા બિંબો ઘણું કરીને અખંડિતજ નીકળે છે. જો મોટી સંખ્યામાં નીકળે છે તો વખતે તેમાં કેટલાક ખંડિત પણ હોય છે. આ પ્રમાણેની સ્થિતિ છે તેથી આવા મોટા બિંબ અકસ્માત્ નીકળી આવે ત્યારે ઘણે ભાગે અવશ્ય તે જાગૃત અધિષ્ઠાયકવાળા છે એમ સમજવું અને તેની ભક્તિ પૂજા વિગેરે સવિશેષ કરવી તેમજ તેને યોગ્ય સ્થાનકે પધરાવવા. આ બાબત ખાસ ધ્યાનમાં રહેવા માટે પ્રસંગોપાત સૂચના આપી છે.

---

## મનુષ્ય ભવની દુર્લભતાના દશ દૃષ્ટાંત

આ બુક હાલમાં અમારી તરફથી છપાઇને બહાર પડી છે. બુક નાની છે પણ ખાસ વાંચવા લાયક છે. દૃષ્ટાંતો રસીક છે. તે ઉપરથી મનુષ્યભવની દુર્લભતા સમજવા ઉપરાંત બીજો સાર પણ ઘણી જાતનો ગ્રહણ કરી શકાય તેમ છે. કીંમત બહુ જુજ છે. માત્ર એક આનોજ રાખેલો છે. પ્રભાવના કરવા લાયક છે. જેને આપશો તેને લાભ કરશે. સો નકલો લેશે તેને પોણા આનાથી આપ-
... આપવામાં આવશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારું પુસ્તકપ્રસિદ્ધિ ખાતું.

( થોડા વખતમાં બહાર પડશે )

૧ શ્રી શાંતસુધારસ. ટીકા સહિત.

૨ કુવલયમાળા ભાષાંતર. ( અત્યંત રસીક ને ઉપદેશક કથા. )

( છપાય છે )

૩ શ્રી પઉમચરિયમ્ ( માગધી ગાથાબંધ ) રામચરિત્ર.

૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર. સંસ્કૃત ગદ્યબંધ.

૫ શ્રી આનંદઘનજીના ૫૦ પદો. વિવેચન સહિત.

૬ પ્રકરણોના સ્તવનોનો સંગ્રહ. ( બીજી આવૃત્તિ )

૭ જ્ઞાનપંચમીને લગતી તમામ બાબતોનો સંગ્રહ. ( જ્ઞાનના આઠ આચારે કથા સાથે, બે અષ્ટક, પંચજ્ઞાનની પૂજા, બીજી પૂજાઓ, ચૈત્યવંદન, મોટું સ્તવન, સ્તુતિ, સઝાય, જ્ઞાનપંચમના દેવ અર્થ સહિત વિગેરે )

( તૈયાર છે તે હવે પછી છપાશે )

૮ અધ્યાત્મસાર ગ્રંથ ટીકા સહીત.

૯ ,, ભાષાંતર સહીત.

૧૦ ઉપદેશપ્રાસાદ મૂળ સ્થંભ ૬.

૧૧ સૂક્ષ્માર્થ વિચારસારોદ્ધાર સાર્દ્ધશતક. ( શ્રીજિન વલ્લભસૂરિ કૃત ) શ્રી ધનેશ્વરાચાર્ય કૃત ટીકા સહીત. ( કર્મને લગતો પ્રાચીન ગ્રંથ )

( તૈયાર થાય છે )

૧૨ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.

૧૩ શ્રી પરિશિષ્ટ પર્વનું ભાષાંતર.

૧૪ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું ભાષાંતર.

૧૫ શ્રી ઉપદેશમાળા મૂળ તથા યોગશાસ્ત્ર મૂળ ( ખાસ કંઠે કરવા માટે ).

( ઝવેરી માણેકચંદ ખેનશી વીરમગામવાળા તરફથી. ).

આ ગ્રંથો પૈકી નંબર ૩ ને ૧૧ વાળા ગ્રંથો માટે સહાયકની અપેક્ષા છે. જે ગૃહસ્થોને પોતાના દ્રવ્યનો જ્ઞાનવૃદ્ધિના કાર્યમાં સદુપયોગ કરવો હોય તેમણે અમને લખવા તસ્દી લેવી. પત્રવ્યવહારથી તેનો નિર્ણય કરવામાં આવશે. તંત્રી

## નવા મેમ્બરોનાં નામ.

૧ માસ્તર રતનચંદ મુળચંદ. વીરમગામ. લાઈફ મેમ્બર.

૨ શા. જગજીવનદાસ નથુભાઈ. મહુવા. પહેલા વર્ગના મેમ્બર.

૩ શા. ભીખુચંદ ગંભીર. ભાવનગર

For Private And Personal Use Only